


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 087
Dt.: 01-02-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


સવારે ૧૧ વાગે લોકસભામાં બજેટ રજૂ કરશે

## નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભામાં બજેટ રજૂ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ રેકોર્ડબ્રેક સતત ૯મી વખત યુનિયન બજેટ કાલે એટલે કે ૧ ફેબ્રુઆરીએ લોકસભામાં રજૂ કરશે. આ બજેટ સરકારની આવક જાવક અને પ્લાનિંગ એટલે કે આવનારા એક વર્ષમાં સરકાર કયા કામો પર ફોકસ કરશે તે વિગતો રજૂ કરે છે. આ વખતે અનેક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી આવી રહી છે એટલે બજેટમાં આ રાજ્યો પર ખાસ ભાર મૂકાય તેવી સંભાવના છે. તો કયા રાજ્યો આ વખતે વધુ ફાયદો મેળવી શકે તે ખાસ જાણો.

પશ્ચિમ બંગાળ : પશ્ચિમ બંગાળમાં વર્ષ ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણી ચૂંટણી યોજાવવાની છે. ગત વખતે રાજ્યમાં માર્ચ એપ્રિલ ૨૦૨૧માં વિધાનસભા ચૂંટણી થઈ હતી જેમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસે વિરોધીઓના સૂપડાં સાફ કર્યા હતા. રાજ્યના હાલના બજેટોમાં અહીં રસ્તાઓ, હાઈવે અને શહેરી પરિવહન પરિયોજનાઓ પર ખાસ ભાર મૂકાયું છે. કોલકાતા અને સિલિગુડીને જોડનારા આર્થિક કોરિડોર, નેશનલ હાઈવે વિસ્તાર, મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ અને પોર્ટ સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર મુખ્ય છે. રેલવે પણ મોટું રોકાણ ક્ષેત્ર ગણાય છે. હાલમાં જ પીએમ મોદીએ હાવડા અને ગુવાહાટીને જોડતી પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી દેખાડી હતી. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજ્યમાં ૧૦૧ રેલવે સ્ટેશન આધુનિક થઈ રહ્યા છે.

કેરળ : દક્ષિણ ભારતના કેરળ રાજ્યમાં પણ આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવવાની છે. કેરળમાં એપ્રિલ ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. ૧૪૦ સભ્યોની આ વિધાનસભામાં LDFએ સત્તાનો તાજ પહેર્યો હતો. ભાજપ આ રાજ્યમાં જીતવા માટે ભરપૂર જોર લગાવી રહ્યો છે.




કેરળમાં હાલના વર્ષોમાં બજેટમાં હાઈવે, શહેરી પરિવહન, કાંઠા વિસ્તારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સમર્થન મળેલું છે. મુંબઈ-કન્યા કુમારી કોરીડોર, મેટ્રો વિસ્તાર, શહેરી ટ્રાન્સપોર્ટ અપગ્રેડેશન સામેલ રહ્યા છે.

અસમ : પૂર્વોત્તર રાજ્ય અસમમાં પણ વિધાનસભા ચૂંટણી ઢૂંકડી છે. અસમમાં માર્ચ-એપ્રિલ ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણી થાય તેવી શક્યતા છે. ૧૨૬ સભ્યોવાળી આ વિધાનસભામાં ભાજપે ભૂક્કા કાઢ્યા હતા અને હિમંતા બિસ્વા સરમા રાજ્યમાં મુખ્યમંત્રી બન્યા. અસમ માટે બજેટમાં હાઈવે, રેલવે અને પૂર નિયંત્રણને પ્રાથમિકતા અપાયેલી છે. ૩૦ જાન્યુઆરીના રોજ ડિબ્રુગઢમાં ૧૭૧૫ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સની આધારશીલા રખાઈ.

તમિલનાડુ : અન્ય એક દક્ષિણ ભારતીય રાજ્ય તમિલનાડુમાં પણ આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. તમિલનાડુમાં એપ્રિલ-મે મહિનામાં ચૂંટણી થઈ શકે છે. ૨૩૪ સભ્યોવાળી વિધાનસભાની ગત ચૂંટણીમાં ડીએમકે વિજયી થયું હતું અને એમ કે સ્ટાલિન સીએમ બન્યા. તમિલનાડુમાં ગત બજેટોમાં લોજિસ્ટિક્સ, અને ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકાયેલો છે. મદુરાઈ કોલ્લમ અને ચિત્તુર -થચ્ચુર જેવા હાઈવે કોરિડોર, ઔદ્યોગિક પાર્ક, મેન્યુફેક્ચરિંગ સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કેન્દ્રનું સમર્થન મળેલું છે. રાજ્યમાં મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ હબ હોવાના લીધે ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર અને પોર્ટ કનેક્ટિવિટી પર ભાર રહે તેવું અનુમાન છે.

પુડુચેરી : પુડુચેરીમાં પણ વિધાનસભા ચૂંટણી આ વર્ષે થવાની છે. એપ્રિલ-મે મહિનામાં ચૂંટણી થાય તેવી શક્યતા છે. પુડુચેરીમાં શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મકાનો અને નાગરિક સુવિધાઓ પર કેન્દ્રની મદદ મળતી રહે છે.

આ ઉપરાંત બજેટમાં કેપિટલ એક્સપેન્ડેચર, મેન્યુફેક્ચરિંગ, નિકાસ, ખેતી, સ્વાસ્થ્ય અને શિક્ષણ ઉપર પણ ભાર રહી શકે છે. પરંતુ સરકાર માટે જે રાજ્યોમાં ચૂંટણીઓ આવી રહી છે તે જોતા તે રાજ્યો માટે બજેટ ખુબ નિર્ણાયક રહી શકે છે.

નવી સેટેલાઈટ તસવીરોથી અમેરિકા-ઈઝરાયલ ટેન્શનમાં

## ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર ફરીથી મોટી હલચલ

ઈરાનના પરમાણુ મથકો પર જૂન મહિનામાં થયેલા હુમલા બાદ પ્રથમ વખત આટલા મોટા પાયે નિર્માણ કાર્ય જોવા મળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગત વર્ષે ઈઝરાયલ અને અમેરિકા દ્વારા કરાયેલા ભીષણ હવાઈ હુમલા બાદ ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર ફરીથી મોટી હલચલ દેખાઈ છે. તાજેતરની સેટેલાઈટ તસવીરોમાં જાણકારી મળી છે કે ઈરાને તેના બે મુખ્ય પરમાણુ કેન્દ્રો ઈસ્ફહાન અને નતાન્ઝમાં નુકસાનગ્રસ્ત માળખાની ઉપર નવું સ્ટ્રક્ચર ઊભું કરી લીધું છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધ બાદ મિડલ ઈસ્ટમાં ફરી એકવાર ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્લેનેટ લેબ્સ પીબીસી ટ દ્વારા જારી કરવામાં આવેલી નવી સેટેલાઈટ તસવીરોએ વિશ્વભરની સુરક્ષા એજન્સીઓની ઊંઘ ઉડાવી દીધી છે. આ તસવીરો સૂચવે છે કે ઈરાન તેના પરમાણુ મથકો પર થયેલા હુમલાના પુરાવા છુપાવવા અથવા ગુપ્ત રીતે નવું નિર્માણ કરવા માટે મથી રહ્યું છે.સેટેલાઈટ દેખરેખને નિષ્ફળ બનાવવાનો દાવઈરાનના પરમાણુ મથકો પર જૂન મહિનામાં થયેલા હુમલા બાદ પ્રથમ વખત



આટલા મોટા પાયે નિર્માણ કાર્ય જોવા મળ્યું છે. નવા નિર્માણ હેઠળ પ્લાન્ટ્સ પર એવી રીતે છત બનાવવામાં આવી છે કે જેથી સેટેલાઈટ્સ જમીન પર થઈ રહેલી હિલચાલને જોઈ ન શકે. ઈરાને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીના નિરીક્ષકોને પણ પ્રવેશ આપવાની મનાઈ કરી હોવાથી હવે માત્ર રિમોટ મોનિટરિંગ જ દેખરેખનો વિકલ્પ બચ્યો છે.નિષ્ણાતો માને છે કે ઈરાન હુમલામાં બચી ગયેલા સંવેદનશીલ ઉપકરણો અને યુરેનિયમનો જથ્થો દુનિયાની નજરથી બચાવીને બહાર કાઢવા માટે આ નવી છતનો સહારો લઈ રહ્યું છે.નતાન્ઝઃ અહીં ડિસેમ્બરમાં નવી છતનું કામ પૂરું કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટમાં ૬૦% સુધી યુરેનિયમ સંવર્ધન થતું હતું. અહીં 'પિકેક્સ માઉન્ટેન' પાસે સતત ખોદકામ પણ જોવા મળ્યું છે, જ્યાં નવી અંડરગ્રાઉન્ડ ફેસિલિટી બની રહી હોવાની શંકા છે.ઈસ્ફહાનઃ જાન્યુઆરીની શરૂઆતમાં અહીં પણ નવી છત અને ટનલને મજબૂત કરવાનું કામ શરૂ થયું છે. ઈઝરાયેલનો દાવો છે કે અહીં સેન્ટ્રીફ્યુજ નિર્માણના એકમો આવેલા છે.માત્ર પરમાણુ જ નહીં, પરંતુ ઈરાને તેના બેલિસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ પર પણ કામ તેજ કર્યું છે. તેહરાન પાસે આવેલા પારચિન સૈન્ય સંકુલમાં 'તાલેઘાન-૨' નામના સ્થળને ફરીથી વિકસાવવામાં આવી રહ્યું છે, જે અગાઉ પરમાણુ વિસ્ફોટક પરીક્ષણો સાથે જોડાયેલું હતું. હવે આ સ્થળને હુમલાઓ સામે વધુ સુરક્ષિત અને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સતત ઈરાન પર પરમાણુ સમજૂતી માટે દબાણ કરી રહ્યા છે. અમેરિકાએ સ્થિતિની ગંભીરતા જોતા એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન અને ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર્સને મિડલ ઈસ્ટમાં તૈનાત કરી દીધા છે. જોકે, ઈરાન હજુ પણ એવો જ દાવો કરી રહ્યું છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ છે, પણ પશ્ચિમી દેશો આ દાવા પર શંકા કરી રહ્યા છે.

એએસડીમાં સ્ટેમ સેલ થેરપી મંજૂર ક્લિનિકલ ટ્રાયલમાં જ આપી શકાય

## ઓટિઝમમાં સ્ટેમ સેલ થેરપીની સારવાર પર સુપ્રીમે પ્રતિબંધ મુક્યો

દર્દી અને તેના પરિવારને પ્રમાણ વગરની સારવારની આશા દેખાડવી ખોટું અને અનૈતિક છે : સુપ્રીમની સ્પષ્ટતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર એએસડીની સારવાર અંગે સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે મંજૂર કરાયેલ દેખરેખ હેઠળના ક્લિનિકલ ટ્રાયલ સિવાય એએસડીના પીડિતોને સ્ટેમ સેલ થેરપીથી સારવાર ન આપી શકાય. મંજૂરી વગરના ક્લિનિકલ ટ્રાયલનો હિસ્સો ના હોય તેવી સ્થિતિમાં સ્ટેમ સેલ થેરપીથી સારવાર આપવી વ્યાવસાયિક બેદરકારી ગણવામાં આવશે. સુપ્રીમ કોર્ટે એવી પણ સ્પષ્ટતા કરી છે કે સ્ટેમ સેલને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૧૯૪૦માં દવાની પરિભાષામાં રાખવામાં આવ્યા છે જેનો અર્થ એમ નથી થતો કે તેનો ઉપયોગ કોઈ પણ બીમારીની સારવાર



માટે કરી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જે દર્દીઓને હાલ સ્ટેમ સેલ થેરપીથી સારવાર આપવામાં આવી રહી છે તેમની સાથે અચાનક અન્યાય ના થવો જોઈએ, પરંતુ આ સારવાર રૂટિન રીતે આગળ ચલાવવી શક્ય નથી. સુપ્રીમ કોર્ટે નેશનલ મેડિકલ કમીશન (એનએમસી), એઈમ્સ અને સ્વાસ્થ્ય મંત્રાલયને આદેશ આપ્યો હતો કે આવા દર્દીઓને મંજૂર ક્લિનિકલ ટ્રાયલમાં સામેલ કરવામાં આવે કે જેથી તેમની સુરક્ષા જળવાઈ રહે અને સારવાર ગેરકાયદે શરૂ ના રહે. ભાવનાત્મક રીતે પરેશાન પરિવારજનોને કોઈ પણ પ્રકારના પ્રમાણ વગર સારવારની આશા દેખાડવી ખોટુ અને અનૈતિક છે. દર્દી અને પરિવારની સંમતિ પણ ત્યારે જ માન્ય છે જ્યારે તેને યોગ્ય અને વિશ્વાસપાત્ર વૈજ્ઞાનિક જાણકારીના આધાર પર આપવામાં આવી હોય. આ ચુકાદો ડબલ્યુએચઓ અને આંતરરાષ્ટ્રીય સોસાયટી ફોર સ્ટેમ સેલ રિસર્ચની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યો છે. નોંધનીય છે કે ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર સામાન્ય રીતે બાળકોમાં જોવા મળે છે. જેને કારણે બાળકમાં માનસિક વિકાસ અને વર્તણુંક પર તેની અસર થતી હોય છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે કરી મોટી ઓફરઃ ભારતનો એક નિર્ણય અમેરિકા સાથેના સંબંધો સુધારી દેશે!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને રશિયાના દાયકાઓ જૂના તેલ સંબંધોમાં હવે મોટું પરિવર્તન આવી રહ્યું છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનની કડક ટેરિફ નીતિને કારણે ભારત હવે રશિયા પાસેથી તેલની ખરીદી ઘટાડી રહ્યું છે, જેનો સીધો ફાયદો ભારત અને અમેરિકા વચ્ચેની આગામી 'ટ્રેડ ડીલ'માં જોવા મળી શકે છે.

અમેરિકાએ ભારતને વેનેઝુએલા પાસેથી જલ્દી જ કાચું તેલ ખરીદવાની મંજૂરી આપવાના સંકેત આપ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને રશિયન તેલના વિકલ્પ તરીકે નવો સ્રોત પૂરો પાડવાનો છે.

ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરીમાં વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ બાદ વોશિંગ્ટનની નીતિમાં બદલાવ આવ્યો છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત રશિયા પાસેથી તેલ ઘટાડે જેથી રશિયાની યુક્રેન યુદ્ધ માટેની કમાણી પર કાપ મૂકી શકાય.ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સ્પષ્ટ કર્યું છે કે ભારત પોતાના તેલના સ્રોતોમાં વિવિધતા લાવી રહ્યું છે.

રશિયાથી આયાત બે વર્ષના નીચલા સ્તરે પહોંચી છે, જ્યારે ઓપેક દેશો, મધ્ય પૂર્વ અને દક્ષિણ અમેરિકાથી ખરીદી વધી છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જેવી ભારતીય રીફાઈનરીઓ વેનેઝુએલાના ભારે અને હાઈ-સલ્ફર ક્રૂડને પ્રોસેસ કરવા માટે સક્ષમ છે.અમેરિકા વેનેઝુએલાનું ૩૦-૫૦ મિલિયન બેરલ સંગ્રહિત તેલ વેચવાની યોજના બનાવી રહ્યું છે.

જો ભારત રશિયાનો મોહ છોડીને વેનેઝુએલા કે અમેરિકન સ્રોતો તરફ વળે છે, તો ટ્રમ્પ પ્રશાસન ભારતને ટેરિફમાં મોટી રાહત આપી શકે છે. આ પગલાથી ભારત-અમેરિકા ટ્રેડ ડીલ તેના અંતિમ તબક્કામાં પહોંચવાની શક્યતા પ્રબળ બની છે.

ગૃહ સુરક્ષા વિભાગ માટેના ભંડોળને કાયદાથી અલગ કરવા બન્ને પક્ષોની તૈયારી

## ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટ્સ વચ્ચે સમજૂતી થતાં અમેરિકામાં આંશિક શટડાઉનનો ખતરો ટળ્યો

યુએસના મિનેપોલિસ રાજ્યમાં ફેડરલ પોલીસ સાથે ઘર્ષણમાં બે દેખાવકારોના મોતની ઘટનાને પગલે ઉકળતા ચરુ જેવી સ્થિતિ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં વધુ એક વખત ટ્રમ્પ સરકાર પર તોળાઈ રહેલો આંશિક શટડાઉનનો ખતરો હાલ પુરતો ટળ્યો છે. ડેમોક્રેક્ટ્સ અને વ્હાઈટ હાઉસે ઈમિગ્રન્ટ્સ પર દરોડા તથા ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (ગૃહ સુરક્ષા વિભાગ)ને હંગામી ભંડોળ માટે મહત્વની સમજૂતિ કરી છે. યુએસના મિનેપોલિસ રાજ્યમાં ફેડરલ પોલીસ સાથે ઘર્ષણમાં બે દેખાવકારોના મોતની ઘટનાને પગલે ઉકળતા ચરુ જેવી સ્થિતિ છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર તવાઈના ભાગરૂપે નવા પ્રતિબંધો પર વાટાઘાટ અંતર્ગત સમજૂતિ કરાઈ હતી. જેના હેઠળ બન્ને પક્ષો ગૃહ સુરક્ષા માટેના ભંડોળને કાયદાથી અલગ કરવા સહમત થયા છે. યુએસ ઈમિગ્રેશન તથા કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ એજન્સી પર પ્રતિબંધ અંગે ડેમોક્રેટ્સ સાથે વાટાઘાટ થઈ રહી છે જેથી બે સપ્તાહ માટે હોમલેન્ડ સિક્યોરિટીને ભંડોળ વધારવા સહમતિ મેળવાઈ છે.ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, રિપબ્લિકન્સ અને ડેમોક્રેટ્સ સપ્ટેમ્બર સુધી સરકારને ભંડોળ પુરું પાડવા મોટાભાગે સહમત થયા છે, જેમાં ગૃહ સુરક્ષા માટે વર્તમાન ભંડોળને લંબાવાશે. બન્ને પક્ષોના સાંસદોને હામાં મતદાન કરવા તેમણે પ્રોત્સાહિત કર્યા હતા.ગૃહના અધ્યક્ષ માઈક જોન્સને જણાવ્યું કે, આપણે વધુ એક વખત સરકારી કામગીરી ઠપ કરી શકીએ નહીં. ડેમોક્રેટ્સે બે સપ્તાહ કે તેથી ઓછા સમય માટેની મુદત આપી છે અને જો તેમની માગણીઓ નહીં સંતોષવામાં આવે તો તેઓ વ્યાપક ખર્ચ બિલને અવરોધવાની તૈયારી કરશે તથા રિપબ્લિકન્સને જરૂરી મતો નહીં મળે જેથી વધુ એક વખત શટડાઉનનો ખતરો સર્જાશે.




# તંત્રી લેખ......

## સુપ્રીમ કોર્ટનો યોગ્ય પ્રતિબંધ

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જાતિ ભેદભાવને રોકવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા રજૂ કરાયેલા નવા નિયમો પર રોક લગાવીને, સુપ્રીમ કોર્ટે ફક્ત વિખવાદ અને અવિશ્વાસના વાતાવરણને દૂર કરવાનું કામ કર્યું છે. સુપ્રીમ કોર્ટે પ્રથમ નજરે જોયું કે નવા નિયમો અસ્પષ્ટ હતા અને તેથી દુરુપયોગ માટે સંવેદનશીલ હતા.

જો યુજીસીએ આને માન્યતા આપી હોત અને એવા નિયમો ઘડ્યા હોત જે દુરુપયોગની શક્યતાને જન્મ ન આપે તો તે વધુ સારું હોત. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ક્યારેક ક્યારેક ભેદભાવના કિસ્સાઓ ઉદ્ભવે છે તે નિર્વિવાદ છે, પરંતુ ંયુજી દ્વારા તેને રોકવા માટે ઘડવામાં આવેલા નવા નિયમોથી એવું લાગતું હતું કે શૈક્ષણિક સંસ્થાઓમાં વ્યાપક ભેદભાવ થઈ રહ્યો છે, અને એસસી એસટી અને ઓબીસી શ્રેણીઓના લાખો વિદ્યાર્થીઓ પીડાઈ રહ્યા છે.

નિઃશંકપણે, આવું નહોતું. સત્ય એ છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ ભેદભાવની માત્ર થોડી ફરિયાદો જ નોંધાઈ હતી, અને તે પણ પસંદગીયુક્ત હતી. તો પછી આવા નિયમો કેમ ઘડવામાં આવ્યા જેનાથી એવી છાપ પડે કે શૈક્ષણિક સંસ્થાઓ જાતિ ભેદભાવનો ગઢ બની ગઈ છે? જ્યારે નિયમો અને નિયમો ઘડતી વખતે કોઈ સમસ્યાને અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરવામાં આવે છે, ત્યારે તે સમાજને ખોટો સંદેશ જ નહીં પરંતુ રાજકીય લાભ મેળવવા માંગતા લોકોને પણ ફાયદો પહોંચાડે છે.

નવા યુજીસી નિયમો સાથે પણ આવું જ બન્યું. આ નિયમોએ વિભાજનકારી રાજકારણને વેગ આપ્યો, અનામત અને સામાન્ય શ્રેણીઓને એકબીજાની વિરુદ્ધ ઉભી કરી.યુજીસીને કેમ ખ્યાલ ન આવ્યો કે, જેમ સમય જતાં જાહેર સ્થળો અને કાર્યસ્થળોમાં જાતિ ભેદભાવ ઓછો થયો છે, તેમ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ પરિસ્થિતિમાં સુધારો થયો છે?

એ સમજવું પણ મુશ્કેલ છે કે નવા નિયમોમાં ભેદભાવ શબ્દને જાતિ આધારિત ભેદભાવ કેમ બદલી નાખવામાં આવ્યો છે અને ખોટી ફરિયાદો માટે સજાની જોગવાઈ કેમ દૂર કરવામાં આવી છે.યુજીસીના નિયમોમાં કયા પ્રકારના સુધારા અથવા ફેરફારો કરવામાં આવશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ એ ધ્યાનમાં રાખવું શ્રેષ્ઠ છે કે કોઈપણ પ્રકારના ભેદભાવને રોકવા માટેના પગલાં એવા ન હોવા જોઈએ કે જેનાથી સમાજ જાતિ રેખાઓ પર વિભાજિત થતો દેખાય.

આ સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટે યોગ્ય રીતે કહ્યું હતું કે આપણે એવી પરિસ્થિતિમાં ન પહોંચવું જોઈએ જ્યાં વિવિધ વર્ગો માટે અલગ શૈક્ષણિક સંસ્થાઓ હોય. દેશે એવા વાતાવરણ તરફ આગળ વધવું જોઈએ જ્યાં કોઈપણ પ્રકારના ભેદભાવ માટે કોઈ જગ્યા ન હોય, અને જો કોઈ સમસ્યા ઊભી થાય, તો તેનું નિરાકરણ એવી રીતે થવું જોઈએ જે સામાજિક સુમેળને પ્રોત્સાહન આપે. શૈક્ષણિક સંસ્થાઓમાં આવું વાતાવરણ વધુ જરૂરી છે.

### ગોસાબારા-મોકર સાગર અને ફલેમીગો સિટી વેટલેન્ડને નવી રામસર સાઈટ જાહેર કરવા રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સમક્ષ પ્રસ્તાવ રજૂ

# રાજ્ય કક્ષાનો ૮મો 'આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ' સેમિનાર-વર્કશોપ પોરબંદર ખાતે યોજાશે

**આજે તા. ૧ અને ૨ ફેબ્રુઆરીએ યોજાનાર સેમિનારનું વન – પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે ઉદ્ઘાટન : રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળી વિશેષ ઉપસ્થિત રહેશે**

ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ-'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા તા. ૦૧ અને ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોરબંદર ખાતે ૦૮મા 'આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ' સેમિનાર-કમ-વર્કશોપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સેમિનારનું ઉદ્ઘાટન તા. ૦૧ ફેબ્રુઆરીએ વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે તેમજ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણભાઈ માળીની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

દર વર્ષે ગુજરાત સહિત વિશ્વભરમાં તા.૦૨ ફેબ્રુઆરીએ 'આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ- જળપ્લાવિત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ બે દિવસીય સેમિનાર વિશ્વ વેટલેન્ડ્સ દિવસ-૨૦૨૬ની વૈશ્વિક થીમ "જળપ્લાવિત વિસ્તાર અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાનો ઉત્સવ" સાથે સંકળાયેલો છે. જેનો મુખ્ય ઉદ્દેશ જળપ્લાવિત વિસ્તાર,તેને આનુષંગિક પરંપરાગત જ્ઞાન અને સાંસ્કૃતિક વારસા વચ્ચેના આંતરસબંધોને સમજવાનો અને વધુ મજબૂત બનાવવાનો છે. સાથોસાથ પરંપરાગત તેમજ સ્થાનિક જ્ઞાનને જળપ્લાવિત વિસ્તારના સાતત્યપૂર્ણ સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં પણ સહભાગી બનાવવાનો છે. આ સેમિનાર થકી રાજ્યના વન વિભાગના અધિકારીઓ, વેટલેન્ડનું પરંપરાગત જ્ઞાન ધરાવતા નાગરીકો, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ માટે ક્ષમતાવર્ધનનું મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે.

પોરબંદર ખાતે યોજાનાર સેમિનારના બન્ને દિવસે વેટલેન્ડ સંબંધિત ટેક્નિકલ વર્કશોપ યોજાશે. જેમાં દેશ-વિદેશના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો, નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને સરકારી અધિકારીઓ વેટલેન્ડ સંરક્ષણ સંબંધિત વિજ્ઞાન અને ક્ષેત્ર આધારિત અનુભવો એકબીજા સાથે શેર કરશે.

આ સેમિનારમાં વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીઓ સહિત અન્ય વરિષ્ઠ વન અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ગુજરાતમાં આવેલા જળપ્લાવિત વિસ્તારો અંગેઃ

નેશનલ વેટલેન્ડ એટલાસ : ૨૦૨૧ SAC–ISRO મુજબ ગુજરાતનો અંદાજે ૩.૪૯ લાખ હેક્ટર વિસ્તાર વેટલેન્ડ હેઠળ આવે છે. જે ભારતના કુલ વેટલેન્ડ વિસ્તારના ૨૧.૯ ટકા જ્યારે ગુજરાતના કુલ ભૂગોળીય વિસ્તારના ૧૭.૮ ટકા થાય છે એટલે જ જળપ્લાવિત વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાંનું એક છે જે આપણા સૌ માટે ગૌરવ સમાન છે.

ગુજરાત સ્ટેટ વેટલેન્ડ અથોરિટી (GSWA)ની ત્રીજી બેઠકના મહત્વના મુદ્દા

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં તેમજ રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે GSWAની ત્રીજી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયોમાં વેટલેન્ડ્સનું ગ્રાઉન્ડ ટૂથિંગ અને ડિમાર્કેશન GEER ફાઉન્ડેશન દ્વારા કરાશે. આ બેઠકમાં રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા ત્રણ નવા રામસાર સાઈટ્સના પ્રસ્તાવો કેન્દ્ર સરકારને રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં પોરબંદરના ગોસાબારા–મોકરસાગર, કચ્છના છારી ઢાંઢ અને ફ્લેમિંગો સિટી વેટલેન્ડનો સમાવેશ થાય છે. જેમાંથી કચ્છના છારી ઢાંઢને તાજેતરમાં તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રામસર સાઈટનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રથમવાર શહેરી વેટલેન્ડ્સની ઓળખ, તેનો શહેરી આયોજનમાં સમાવેશ અને વેટલેન્ડ અંગે જાગૃતિ વધારવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

પોરબંદર – જળપ્લાવિત વિસ્તારની દષ્ટિએ મહત્વપૂર્ણ સ્થળઃ

મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ એવો પોરબંદર જિલ્લો તેની સમૃદ્ધ અને વૈવિધ્યસભર પારિસ્થિતિકી માટે વિશેષ મહત્વ ધરાવે છે. પોરબંદર પક્ષી અભયારણ્ય અને ગોસાબારા–મોકરસાગર વેટલેન્ડ કોમ્પ્લેક્સ જેવા મહત્વપૂર્ણ જળપ્લાવિત વિસ્તાર સ્થાયી અને યાયાવર પક્ષીઓની વિશાળ સંખ્યાને સંરક્ષણ અને પોષણ પુરૂ પાડે છે. દરિયાકાંઠાનો વિસ્તાર, નદીના મુખ પ્રદેશો, ભરતી-ઓટનો વિસ્તાર, દરિયાઈ ભરતીના મેદાનો અને ખાડી જેવા વિસ્તારો સમૃદ્ધ જીવ વૈવિધ્ય ધરાવે છે, જેમાં સમુદ્રી કાચબા, સમુદ્રી સ્તનધારીઓ અને અનેકવિધ પક્ષી પ્રજાતિઓનો સમાવેશ થાય છે.

GEER ફાઉન્ડેશન – ગુજરાતની નોડલ એજન્સી તરીકેઃ

નોંધનીય છે કે, 'ગીર' ફાઉન્ડેશન એ ગુજરાત રાજ્ય માટે વેટલેન્ડ્સની નોડલ એજન્સી તરીકે કાર્યરત છે. વર્ષ ૨૦૧૬-૧૭થી અત્યાર સુધી સાત આંતરરાષ્ટ્રીય સેમિનાર-કમ-વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વેટલેન્ડ્સની સૂચિ, મૂલ્યાંકન, મોનિટરિંગ, વન વિભાગ અને અન્ય સંસ્થાઓ માટે તાલીમ-ક્ષમતાવર્ધન, નીતિ આધાર, વૈજ્ઞાનિક માર્ગદર્શન તેમજ પ્રિન્ટ અને ડિજિટલ માધ્યમો દ્વારા જાગૃતિ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

- જનક દેસાઈ

# ૧૫ એપ્રિલ સુધી સાબરમતી રેલવે સ્ટેશન પર નવા પ્રવેશ તથા નિકાસ દ્વાર ની વ્યવસ્થા

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશનના પુનર્વિકાસનું કાર્ય ઝડપી ગતિએ પ્રગતિ પર છે. સાબરમતી બીજી (ધરમનગર સાઈડ) તરફની નવી સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ લગભગ પૂર્ણ થઈ ગયું છે જ્યારે અન્ય પુનર્વિકાસ કાર્યો પ્રગતિ પર છે.

યાત્રીઓની સુવિધા તથા ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ રાખવાના ઉદ્દેશ્યથી ૧૫ એપ્રિલ, ૨૦૨૬ સુધી આગમન તથા પ્રસ્થાન માટે નવા પ્રવેશ અને નિકાસ દ્વાર તેમજ પિક-અપ અને ડ્રોપની વ્યવસ્થા કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છેઃ

૧. પ્રસ્થાન કરનાર યાત્રીઓ માટે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા

● પ્રવેશ દ્વારઃ યાત્રીઓના વાહનોનો પ્રવેશ એમએમટીએસ બિલ્ડિંગ (બુલેટ ટ્રેન સ્ટેશન) નજીકથી કરવામાં આવી રહ્યો છે. (ડાયગ્રામમાં દર્શાવેલી ગ્રીન લાઈન મુજબ) યાત્રી નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં પ્રવેશ કરીને લિફ્ટ, એસ્કેલેટર તથા સીડીઓના માધ્યમથી સેકન્ડ ફ્લોર પરથી તમામ પ્લેટફોર્મ પર જઈ શકે છે.

યાત્રીઓને ડ્રોપ કરવા આવતા વાહનો જૂના પ્રવેશ દ્વાર મારફતે બહાર નીકળી શકે છે.

૨. આગમન કરનારા મુસાફરો માટે નિકાસ તથા પિક-અપ વ્યવસ્થા

● નિકાસ દ્વાર : મહેસાણા સાઈડ ફૂટ ઓવર બ્રિજની નજીકથી નિકાસની વ્યવસ્થા કરવામાં આવી છે. (ડાયગ્રામમાં દર્શાવેલી પર્પલ લાઈન મુજબ) આ જ સ્થાન પર યાત્રીઓ માટે પિક-અપ ઝોન પણ બનાવવામાં આવ્યો છે.

૩. પાર્કિંગ સુવિધા

યાત્રીઓની સુવિધા માટે નિકાસ દ્વાર નજીક બે સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

૪. પ્લેટફોર્મ કનેક્ટિવિટી

દરેક પ્લેટફોર્મ (PF-1 થી PF-7) બંને ફૂટ ઓવર બ્રિજથી કનેક્ટેડ છે. (હાલમાં PF-2 અને PF-3 પરથી ટ્રેનોનું સંચાલન પુનર્નિર્માણ કાર્યના કારણે બંધ છે)

૫. નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં યાત્રી સુવિધાઓ

● ગ્રાઉન્ડ ફ્લોરઃ અનારક્ષિત ટિકિટ બુકિંગ (UTS)

ફર્સ્ટ ફ્લોરઃ આરક્ષિત ટિકિટ બુકિંગ (PRS)

સેકન્ડ ફ્લોરઃ પ્રતીક્ષાલય

તમામ યાત્રીઓને વિનંતી છે કે તેઓ નવી ટ્રાફિક વ્યવસ્થા, સંકેતચિહ્નો તેમજ રેલવે, આરપીએફ અને રેલકર્મચારીઓ દ્વારા આપવામાં આવતાં સૂચનોનું પાલન કરે.

# ભાવનગર—ઓખા એક્સપ્રેસ અને ભાવનગર—સાબરમતી ઈન્ટરસિટી ટ્રેનોમાં વધારાના કોચની સુવિધા

યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલ પ્રશાસન દ્વારા ભાવનગર—ઓખા—ભાવનગર એક્સપ્રેસ ટ્રેન (૧૯૨૦૯/૧૯૨૧૦)માં તાત્કાલિક ધોરણે એક થર્ડ એસી કોચ તથા ભાવનગર—સાબરમતી—ભાવનગર ઈન્ટરસિટી ટ્રેન (૨૦૯૬૬/૨૦૯૬૫)માં તાત્કાલિક ધોરણે ૪ વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ વધારાના કોચની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન નં. ૧૯૨૦૯/૧૯૨૧૦ ભાવનગર—ઓખા—ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં એક થર્ડ એસી કોચ ૦૧.૦૨.૨૦૨૬ થી ૦૫.૦૨.૨૦૨૬ સુધી લગાડવવામાં આવશે.

૨. ટ્રેન નં. ૨૦૯૬૬/૨૦૯૬૫ ભાવનગર—સાબરમતી—ભાવનગર ઈન્ટરસિટી ટ્રેનમાં ૪ જનરલ કોચ ૦૧.૦૨.૨૦૨૬ થી ૦૫.૦૨.૨૦૨૬ સુધી લગાડવવામાં આવશે.

આ ટ્રેનોના વિરામસ્થાનો, સંરચના અને સમયસૂચિ અંગે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને વેબસાઈટ www. enquiry. indianrail.gov.in પર અવલોકન કરી શકે છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૩૧/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૪૭૬ | ૧,૨૦૦.૦૦ | ૧,૯૦૧.૦૦ |
| ૨ | એરંડા | ૩૫ | ૧,૨૫૫.૦૦ | ૧,૨૬૪.૦૦ |
| ૩ | ઘઉં | ૧૧૩ | ૫૧૦.૦૦ | ૫૪૨.૦૦ |
| ૪ | બાજરી | ૨ | ૪૨૦.૦૦ | ૪૪૧.૦૦ |
| ૫ | મકાઇ | ૩૫ | ૩૨૦.૦૦ | ૩૪૮.૦૦ |
| ૬ | અડદ | ૧ | ૧,૪૯૦.૦૦ | ૧,૫૦૧.૦૦ |
| ૭ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૮ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૯ | કપાસ | ૧૩૭ | ૧,૪૧૧.૦૦ | ૧,૬૧૬.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૦૫.૦૦ |

મુનિમજી સોફટવેર

### પક્ષી-પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે ગુજરાતની વધુ એક સિદ્ધિઃ ગુજરાતનું પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતું વેટલેન્ડ બન્યું છારી-ઢંઢ

# કચ્છના ગૌરવમાં વધારોઃ બન્નીનું રતન 'છારી-ઢંઢ' હવે સત્તાવાર રીતે 'રામસર સાઈટ' જાહેર

**છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઈટનો દરજ્જો મળવાથી પર્યાવરણ સંરક્ષણ,જૈવ વૈવિધ્યતા,સ્થાનિક વિકાસ-પ્રવાસન અને વૈશ્વિક ઓળખ આ તમામ ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન આવશેઃ વન મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા**






કચ્છના ગૌરવમાં વધારોઃ બન્નીનું રતન 'છારી-ઢંઢ' હવે સત્તાવાર રીતે 'રામસર સાઈટ' જાહેર કરાઈ છે.ગુજરાતનું આ પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતું વેટલેન્ડ બન્યું છે છારી-ઢંઢ. ગુજરાત રાજ્ય માટે ગૌરવની વાત છે કે કચ્છ જિલ્લામાં આવેલ 'છારી ઢંઢ પક્ષી અભયારણ્ય'ને આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા રામસર વેટલેન્ડ્સની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. આ સાથે ગુજરાતમાં રામસર સાઈટ્સની સંખ્યા હવે વધીને પાંચ થઈ છે.

આ અંગે વધુ માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઈટનો દરજ્જો મળવાથી પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા, સ્થાનિક વિકાસ અને વૈશ્વિક ઓળખ સહિતના ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન આવશે.

શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત વેટલેન્ડ્સના સંરક્ષણ અને સંવર્ધનમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. દેશના કુલ વેટલેન્ડ ક્ષેત્રફળના ૨૧ ટકા કરતાં વધુ હિસ્સો ગુજરાતનો છે, જે અન્ય રાજ્યો કરતાં સૌથી વધુ છે. ગુજરાતના વેટલેન્ડ્સ અંદાજે ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે, જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકા જેટલો ભાગ ધરાવે છે. મંત્રી શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા અને વેટલેન્ડ સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, ખીજડિયા અભયારણ્ય, નળસરોવર અભયારણ્ય, છારી ઢંઢ, કચ્છનું નાનું રણ-ઘૂડખર અભયારણ્ય અને પોરબંદર પક્ષી અભયારણ્ય જેવા બહુવિધ વેટલેન્ડ આધારિત રક્ષિત વિસ્તાર છે. ગાંધીનગર સ્થિત ગીર ફાઉન્ડેશન ગુજરાતમાં વેટલેન્ડ ઈકોસિસ્ટમ્સની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વૈજ્ઞાનિક સંશોધન, મોનિટરિંગ પ્રોગ્રામ્સ અને વેટલેન્ડ સંશોધન અને દસ્તાવેજીકરણમાં સક્રિયપણે સંકળાયેલું છે.

તેમણે કહ્યું કે,કચ્છના ઈકો-ટૂરિઝમ અને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે આજે એક સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. એશિયાના સૌથી મોટા ઘાસના મેદાન ગણાતા બન્ની વિસ્તારના છેડે આવેલ 'છારી-ઢંઢ' કન્ઝર્વેશન રિઝર્વને સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ સાઈટ એટલે કે 'રામસર સાઈટ' તરીકે જાહેર કરવામાં આવી છે. નળ સરોવર, થોળ, ખીજડીયા અને વઢવાણા બાદ છારી-ઢંઢ હવે ગુજરાતની પાંચમી અને કચ્છની પ્રથમ રામસર સાઈટ બની છે.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે, છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઈટ તરીકે મળેલી આંતરરાષ્ટ્રીય માન્યતા ગુજરાત માટે ગૌરવની બાબત છે. રાજ્યના પર્યાવરણીય સંરક્ષણના પ્રયાસોને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવે છે. આ માન્યતા થકી છારી-ઢંઢ વેટલેન્ડનું દીર્ઘકાળીન સંરક્ષણ સુનિશ્ચિત થશે, પ્રવાસી તથા સ્થાનિક પક્ષીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન મજબૂત બનશે અને દુર્લભ તથા લુપ્તપ્રાય પ્રજાતિઓના સંરક્ષણ માટે વિશેષ પગલાં લેવામાં આવશે. આ ઉપરાંત, રામસર દરજ્જાથી વિસ્તારમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન મળશે, જેના પરિણામે સ્થાનિક સમુદાય માટે રોજગાર અને આવકના નવા અવસર ઊભા થશે. પર્યાવરણ જાગૃતિ, શિક્ષણ પ્રવૃત્તિઓ અને સમુદાયની સહભાગિતામાં પણ નોંધપાત્ર વધારો થશે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પહેલેથી જ નળસરોવર, થોળ, ખીજડીયા અને વઢવાણા પક્ષી અભયારણ્યો રામસર સાઈટ તરીકે માન્યતા પ્રાપ્ત કરી ચૂક્યા છે. હવે છારી-ઢંઢ પક્ષી અભયારણ્યના સમાવેશથી રાજ્યની પર્યાવરણ સંરક્ષણ અને વેટલેન્ડ સંવર્ધનની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે. રાષ્ટ્રીય સ્તરે વાત કરીએ તો, ભારતના કુલ ૧૧૫ રાષ્ટ્રીય વેટલેન્ડ્સમાંથી ૮ રાષ્ટ્રીય વેટલેન્ડ્સ ગુજરાતમાં આવેલાં છે. ઉપરાંત, રાજ્યમાં ૧૯ વેટલેન્ડ્સ એવા છે જે મહત્વપૂર્ણ પક્ષી અને જૈવ વૈવિધ્યતા વિસ્તારો તરીકે ઓળખાય છે, જે પ્રવાસી તેમજ સ્થાનિક પક્ષીઓ માટે મહત્વપૂર્ણ આશ્રયસ્થાન પૂરૂં પાડે છે તેમ જણાવી મંત્રીશ્રીએ આ સિદ્ધિ બદલ સૌ ગુજરાતીઓને શુભેચ્છાઓઓ પાઠવી હતી.

નોંધનીય છે કે,ઉત્તરપ્રદેશમાં પટના પક્ષી અભયારણ્ય અને ગુજરાતના છારી ઢંઢને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી તેની આજે કેન્દ્રીય પર્યાવરણ,વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ 'વિશ્વ વેટલેન્ડ્સ દિવસ' પહેલા ભારતના રામસર નેટવર્કમાં બે નવા વેટલેન્ડ્સનો સમાવેશ કરવાની જાહેરાત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનું રામસર નેટવર્ક ૨૦૧૪માં ૨૬ સ્થળોથી વધીને હવે ૯૮ સ્થળોએ પહોંચી ગયું છે,જે ૨૭૬ ટકાથી વધુનો વધારો દર્શાવે છે. આ આંતરરાષ્ટ્રીય માન્યતા પર્યાવરણીય સંરક્ષણ અને વેટલેન્ડ્સ સંરક્ષણ પ્રત્યે ભારતની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

નામની સાર્થકતા અને ભૌગોલિક મહત્વઃ

કચ્છી ભાષામાં 'છારી' એટલે ક્ષારવાળી અને 'ઢંઢ' એટલે છીછરું સરોવર. અંદાજે ૨૨૭ ચોરસ કિલોમીટર (૨૨,૭૦૦ હેક્ટર) વિસ્તારમાં ફેલાયેલું આ વેટલેન્ડ રણ અને ઘાસના મેદાનની વચ્ચે એક અદભૂત નિવસનતંત્ર ધરાવે છે. વર્ષ ૨૦૦૮ માં તેને ગુજરાતનું પ્રથમ 'કન્ઝર્વેશન રિઝર્વ' જાહેર કરવામાં આવ્યું હતું.

પક્ષીઓ અને વન્યજીવોનું સ્વર્ગઃ

છારી-ઢંઢ ખાતે પક્ષીઓની ૨૫૦થી વધુ પ્રજાતિઓ નોંધાયેલી છે. શિયાળા દરમિયાન અહીં સાઈબેરિયા, મધ્ય એશિયા અને યુરોપના ૨૫,૦૦૦ થી ૪૦,૦૦૦ જેટલા કોમન કેન (કુંજ),મળતાવડી ટીટોડી અને ચોટીલી પેણ સ્થળાંતર કરીને આવે છે. આ ઉપરાંત લેસર ફલેમિંગો અને ગ્રેટર ફલેમિંગો (હંજ) તેમજ સારસ પણ અહીં જોવા મળે છે.આ ઉપરાંત, અહીં લુપ્તપ્રાય ડાલમેશિયન પેલિકન, ઓરિએન્ટલ ડાર્ટર, બ્લેક-નેક્ડ સ્ટોર્ક અને અનેક શિકારી પક્ષીઓ જોવા મળે છે. માત્ર પક્ષીઓ જ નહીં, પરંતુ આ વિસ્તાર ચિંકારા, રણ લોમડી (Desert Fox), હેણોતરો (કેરેકલ), રણ બિલાડી અને વરુ જેવા વન્યજીવોનું પણ મહત્વનું આશ્રયસ્થાન છે.

વહીવટી તંત્રની સિદ્ધિઃ

આ આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવામાં ગુજરાતના ચિફ વાઈલ્ડ લાઈફ વોર્ડન ડૉ. જયપાલ સિંઘ, ગાંધીનગર વન્ય પ્રાણી પાંખની ટીમ, મુખ્ય વન સંરક્ષકશ્રી (કચ્છ વન વર્તુળ, ભુજ) તેમજ નાયબ વન સંરક્ષકશ્રી કચ્છ (પશ્ચિમ) વન વિભાગ, ભુજ દ્વારા કરવામાં આવેલી સતત કામગીરી નિર્ણાયક રહી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર (વેટલેન્ડ ડિવીઝન)ના સતત માર્ગદર્શન હેઠળ વેટલેન્ડના સંરક્ષણ અને તેની જૈવ-વિવિધતા જાળવવા માટે કરવામાં આવેલા વૈજ્ઞાનિક પ્રયાસોને પરિણામે આ સિદ્ધિ મળી છે.

પર્યટન અને સંરક્ષણ હકારાત્મક અસરઃ

રામસર સાઈટનો દરજ્જો મળવાથી છારી-ઢંઢને હવે વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ મળશે,જેનાથી કચ્છમાં ઈકો-ટૂરિઝમનો વિકાસ થશે અને સ્થાનિક રોજગારીની તકો વધશે. સાથે જ,આ વિસ્તારના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ ભંડોળ અને ટેકનિકલ સહાય મળવાનો માર્ગ પણ મોકળો થયો છે. કચ્છના આ અમૂલ્ય વારસાને જાળવી રાખવા અને પર્યાવરણીય સંતુલન જાળવવા વન વિભાગ કટિબદ્ધ છે.

- જનક દેસાઈ

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# લારાકોન ઈન્ડિયા ૨૦૨૬ - AI, ઈનોવેશન અને ભવિષ્યની તકોને ઉજાગર કરે છે







લારાકોન ઈન્ડિયા ૨૦૨૬ એ વૈશ્વિક લારાવેલ સમુદાયના અગ્રણી અવાજોને એકત્ર કર્યા, જે ગુજરાતને ટેક્નોલોજી, AI અપનાવવાની પ્રક્રિયા અને આંતરરાષ્ટ્રીય સહકારના કેન્દ્ર તરીકે ઉભું કરે છે.

આયોજક વિશાલ રાજપૂરોહિત, CTO, વિટોર ક્લાઉડ ટેકનોલોજીસે AIના યુગમાં ભારતના સોફ્ટવેર એન્જિનિયરોને પડતા પડકારો પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે દર વર્ષે હજારો એન્જિનિયરો તકો ગુમાવે છે કારણ કે કંપનીઓ વધતી જતી ઓટોમેશન તરફ આગળ વધી રહી છે, પરંતુ AIને ખતરા તરીકે નહીં એક સક્ષમ સાધન તરીકે જોવું જોઈએ.

"લારાકોન ઈન્ડિયા માત્ર કોન્ફરન્સ નથી-તે એક મૂવમેન્ટ છે. ઘણા પ્રોફેશનલ્સ અને ઉદ્યોગસાહસિકો હજુ પણ AI શું છે તે અંગે ગૂંચવણમાં છે. અમે વિશ્વના શ્રેષ્ઠ લોકોને અહીં લાવીએ છીએ જેથી ડેવલપર્સ, બિઝનેસ લીડર્સ અને વિદ્યાર્થીઓ સમજી શકે કે AI અવરોધ નહીં પરંતુ તક છે. આ ગુજરાતનો વૈશ્વિક મંચ પર ચમકવાનો ક્ષણ છે," રાજપૂરોહિતે જણાવ્યું.

ટેલર ઓટવેલ, લારાવેલના સ્થાપકે ભારતના ડેવલપર સમુદાયની પ્રશંસા કરીઃ

"ભારતમાં અહીંનો ઉત્સાહ પ્રેરણાદાયક છે. લારાકોન ઈન્ડિયા લારાવેલની વૈશ્વિક ભાવનાને પ્રતિબિંબિત કરે છે. ખુલ્લી, સહયોગી અને આગળની વિચારસરણી.. સાથે મળીને, અમે વેબ ડેવલપમેન્ટનું ભવિષ્ય ઘડી રહ્યા છીએ અને સરહદો પાર તકો સર્જી રહ્યા છીએ," ઓટવેલે જણાવ્યું.

પ્રેસ મીટમાં વિવિધ સત્રોમાં મુખ્ય નોંધો, ટેકનિકલ વાર્તાલાપ, પેનલ ચર્ચાઓ, લાઈવ કોડિંગ પ્રદર્શનો, વર્કશોપ અને નેટવર્કિંગ ઈવેન્ટ્સનો સમાવેશ થાય છે.

ખાસ જાહેરાત AI SDKના લોન્ચ અંગે હતી-એક જનરલ પર્પઝ ટૂલકિટ જે ટેક્સ્ટ, ઈમેજ અને ઓડિયો જનરેટ કરી શકે છે, અને એન્જિનિયરો, કંપનીઓ અને વિદ્યાર્થીઓને ઊંડા પ્રોગ્રામિંગ જ્ઞાન વિના એપ્લિકેશન્સ બનાવવા સક્ષમ બનાવે છે.

આ કાર્યક્રમે વૈશ્વિક ટેક હબ તરીકે ગુજરાતની સ્થિતિને મજબૂત બનાવવામાં લારાકોનઈન્ડિયાની ભૂમિકાને વધુ મજબૂત બનાવી, ભારતના ગતિશીલ વિકાસકર્તા સમુદાયનું પ્રદર્શન કર્યું, અને અત્યાધુનિક સાધનો અને પ્રથાઓ સાથે સ્ટાર્ટઅપ્સ અને સાહસોને પ્રેરણા આપી.

# પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ–ભુજ વચ્ચે ચલાવવામાં આવતી એક જોડી સ્પેશિયલ ટ્રેનની ટ્રીપ્સને વિસ્તૃત કરવામાં આવી

યાત્રીઓની સુવિધા માટે તથા વધારાની યાત્રીઓની ભીડ ઘટાડવા હેતુથી, પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ – ભુજ વચ્ચે ચલાવવામાં આવતી એક જોડી સ્પેશિયલ ટ્રેનની ટ્રિપ્સને વિસ્તૃત કરવામાં આવી છે.

ટ્રેન નં. ૦૯૦૩૭ બાંદ્રા ટર્મિનસ – ભુજ દ્વિસાપ્તાહિક સ્પેશિયલને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. તે જ રીતે, ટ્રેન નં. ૦૯૦૩૮ ભુજ– બાંદ્રા ટર્મિનસ દ્વિસાપ્તાહિક સ્પેશિયલને ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

ટ્રેન નં. ૦૯૦૩૭ અને ૦૯૦૩૮ ના વિસ્તૃત ટ્રીપ્સ માટેનું બુકિંગ ૦૧.૦૨.૨૦૨૬ થી તમામ પી.આર.એસ. કાઉન્ટરો પર તથા આઈ.આર.સી.ટી.સી.ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ ના સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર મુલાકાત લે.

# ગુજરાતમાં રાજકીય પાર્ટીઓના મતદાર યાદીને લઈ ધમપછાડાઃ ૮ લાખ ફોર્મ નહી રદ થાયઃ ચુંટણીપંચ આગળ કોઈ રાજકીય પક્ષનુ ઉપજયુ નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતના ચુંટણીપંચની સુચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (એસઆઈઆર) હાથ ધરવામાં આવી છે. ગત તારીખ ૨૭ ઓક્ટોબર ૨૦૨૫ થી રાજયભરમાં શરૂ કરવામાં આવેલી એસઆઈઆર (સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવીઝન) ઝુંબેશની ગણતરીના તબકકાની અસરકારક કામગીરી બાદ ૧૯ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. મુસદ્દા યાદીમાં નાગરીકો પોતાના દાવાઓ અને વાંધાઓ રજુ કરી શકે તે માટે અગાઉ તારીખ ૧૮/૧/૨૦૨૬ ની સમયસીમા રખાઈ હતી. જે બાદમાં ભારતના ચુંટણીપંચે ૩૦/૧/૨૦૨૬ નિર્ધારીત કરી હતી.

આ સમયગાળા દરમિયાન રાજયભરમાંથી નાગરીકો તરફથી કુલ ૧૪,૭૦,૧૨૫ ફોર્મ મળ્યા છે. જેમાં ફોર્મ નં.૬ ની કુલ સંખ્યા ૭,૨૫,૯૨૦ છે. ફોર્મ નં.૭ ની કુલ સંખ્યા ૧,૮૩,૨૩૫ છે. જયારે ફોર્મ નં.૮ ની કુલ સંખ્યા ૫,૬૦,૯૭૦ છે. જિલ્લાવાર મળેલા ફોર્મ્સ ની યાદી પ્રમાણે જોઈએ તો...




| ક્રમ નંબર | જિલ્લો | ફોર્મ નં.૬ | ફોર્મ નં.૭ | ફોર્મ નં.૮ | કુલ ફોર્મ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧,૧૦,૨૧૯ | ૩૪,૦૦૮ | ૭૧,૮૫૭ | ૨,૧૬,૦૮૪ |
| ૨ | સુરત | ૬૬,૧૩૧ | ૧૧,૬૭૨ | ૫૩,૩૫૦ | ૧,૩૧,૧૫૩ |
| ૩ | આણંદ | ૨૧,૪૫૧ | ૪૦,૬૦૭ | ૧૬,૭૩૨ | ૭૮,૭૯૦ |
| ૪ | રાજકોટ | ૩૫,૦૫૦ | ૨,૨૪૨ | ૩૪,૮૫૭ | ૭૨,૧૪૯ |
| ૫ | ભાવનગર | ૩૧,૦૭૩ | ૧,૫૭૯ | ૩૦,૪૬૪ | ૬૩,૧૧૬ |
| ૬ | વડોદરા | ૩૩,૧૬૦ | ૨,૦૬૭ | ૨૩, ૫૯૫ | ૫૮,૮૨૨ |
| ૭ | કચ્છ | ૨૯,૦૩૫ | ૩,૦૯૭ | ૨૨,૦૮૯ | ૫૪,૨૨૧ |
| ૮ | ખેડા | ૨૦,૮૩૮ | ૧૪,૫૪૯ | ૧૮,૨૯૨ | ૫૩,૬૭૯ |
| ૯ | ગાંધીનગર | ૨૨,૪૮૪ | ૯,૦૨૮ | ૧૯,૩૩૭ | ૫૦,૮૪૯ |
| ૧૦ | બનાસકાંઠા | ૨૫,૭૦૯ | ૨,૭૮૪ | ૧૮,૫૭૩ | ૪૭,૦૬૬ |
| ૧૧ | મહેસાણા | ૨૨,૨૫૭ | ૧,૯૮૨ | ૧૮,૯૦૭ | ૪૩,૧૪૬ |
| ૧૨ | પંચમહાલ | ૨૩,૦૦૨ | ૧,૬૮૦ | ૧૮,૦૮૦ | ૪૨,૭૬૨ |
| ૧૩ | દાહોદ | ૨૩,૦૧૯ | ૧૦,૧૮૨ | ૯,૪૯૪ | ૪૨,૬૯૫ |
| ૧૪ | જુનાગઢ | ૨૦,૭૬૩ | ૨,૮૧૫ | ૧૬,૫૩૯ | ૪૦,૧૧૭ |
| ૧૫ | પાટણ | ૧૩,૫૩૫ | ૧૩,૧૨૧ | ૧૧,૫૪૩ | ૩૮,૧૯૯ |
| ૧૬ | જામનગર | ૨૦,૦૧૯ | ૧,૩૮૧ | ૧૬,૫૧૮ | ૩૭,૯૧૮ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૧૮,૩૪૩ | ૧,૪૭૨ | ૧૬,૩૦૪ | ૩૬,૧૧૯ |
| ૧૮ | ભરૂચ | ૧૫,૬૨૫ | ૬,૪૫૭ | ૧૦,૫૬૩ | ૩૨,૬૪૫ |
| ૧૯ | સાબરકાંઠા | ૧૬,૫૭૨ | ૧,૪૧૪ | ૧૪,૪૮૮ | ૩૨,૪૭૪ |
| ૨૦ | અમરેલી | ૧૬,૦૯૦ | ૭૩૩ | ૧૨,૯૧૦ | ૨૯,૭૩૩ |
| ૨૧ | ગીર સોમનાથ | ૧૩,૭૩૨ | ૧,૧૮૯ | ૧૪,૪૭૧ | ૨૯,૩૯૨ |
| ૨૨ | મોરબી | ૧૩,૬૩૫ | ૧,૧૬૯ | ૧૪,૨૫૮ | ૨૯,૦૬૨ |
| ૨૩ | વલસાડ | ૧૫,૦૪૬ | ૩,૫૯૯ | ૧૦,૨૬૯ | ૨૮,૯૧૪ |
| ૨૪ | નવસારી | ૧૦,૮૦૦ | ૭,૬૧૯ | ૯,૦૪૧ | ૨૭,૪૬૦ |
| ૨૫ | મહિસાગર | ૧૧,૨૫૨ | ૯૩૩ | ૧૦,૨૭૨ | ૨૨,૪૫૭ |
| ૨૬ | અરવલ્લી | ૧૧,૭૦૩ | ૬૮૩ | ૮,૬૭૩ | ૨૧,૦૫૯ |
| ૨૭ | છોટા ઉદેપુર | ૧૪,૫૧૭ | ૯૯૨ | ૪,૭૮૪ | ૨૦,૨૯૩ |
| ૨૮ | બોટાદ | ૧૦,૨૮૭ | ૭૬૮ | ૭,૯૦૭ | ૧૮,૯૬૨ |
| ૨૯ | પોરબંદર | ૮,૭૦૬ | ૫૧૩ | ૭,૭૬૦ | ૧૬,૯૭૯ |
| ૩૦ | દેવભુમિ દ્વારકા | ૭,૯૫૦ | ૮૫૪ | ૫,૫૫૯ | ૧૪,૩૬૩ |
| ૩૧ | તાપી | ૫,૦૯૭ | ૪૮૬ | ૨,૫૧૩ | ૮,૦૯૬ |
| ૩૨ | નર્મદા | ૪,૪૭૩ | ૨૪૮ | ૨,૬૭૬ | ૭,૩૯૭ |
| ૩૩ | ડાંગ | ૨,૮૦૪ | ૫૫ | ૧,૧૪૨ | ૪,૦૦૧ |
| | ટોટલ | ૭,૨૫,૯૨૦ | ૧,૮૩,૨૩૫ | ૫,૬૦,૯૭૦ | ૧૪,૭૦,૧૨૫ |

ભારતના ચુંટણીપંચ દ્વારા આપવામાં આવેલા હેતુ પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય અને પાત્રતા ન ધરાવતો મતદાર સામેલ ન થાય તે સિધ્ધ કરવા માટે રાજયભરના મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ આ તમામ ફોર્મની ચકાસણી કરીને તારીખ ૧૦/૨/૨૦૨૬ સુધીમાં નિકાલ કરશે.

ઉલ્લેખનીય છે કે કોઈપણ કારણોસર જો રાજયના કોઈપણ નાગરીકો ફોર્મ ભરવામાં કે પછી તેને જમા કરાવવાનુ ચુકી ગયા હોય કે પછી મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં ન જોડાઈ શકયા હોય તો આગામી સમયમાં સતત સુધારણા અંતર્ગત તેઓ ફોર્મ ભરી શકશે અને મતદાર યાદીમાં તેમનુ નામ ઉમેરવુ, રદ કરવુ કે સ્થળાંતર સહિતના ફેરફાર કરાવી શકશે. પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય.

### નવજાત બાળકીનો સોદો નિષ્ફળઃ અપહરણ કરી સુરતમાં વેચવાની ફીરાકમાં હતી ટોળકી

# અમદાવાદમાં બાળ તસ્કરી પ્રકરણની હજુ શાહી સુકાઈ નથી ત્યાં જ વધુ એક સુરત પોલીસની સતર્કતાથી બાળ તસ્કરીના નેટવર્કનો પર્દાફાશ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદમાં ગઈ કાલે જ સાબરકાંઠા જિલ્લામાંથી બાળકીની તસ્કરી કરી નેટવર્કનો એટીએસ દ્વારા પર્દાફાશ કર્યા ની હજુ શાહી સુકાઈ નથી ત્યાં જ વધુ એક સુરત ક્રાઈમ બ્રાન્ચને બાળ તસ્કરીના એક મોટા કૌભાંડને નિષ્ફળ બનાવવામાં મોટી સફળતા મળી છે.



શહેરમાં નવજાત બાળકીઓને વેચવાનુ નેટવર્ક સક્રિય હોવાની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. આ ઓપરેશન દરમિયાન પોલીસે બે મહિલાઓની ધરપકડ કરી છે. જેઓ મહારાષ્ટ્ર થી એક નવજાત બાળકીને લાવી સુરતમાં તેનો સોદો કરવાની ફીરાકમાં હતી. પોલીસની સમય સુચકતાને કારણે આ માસુમ બાળકી કોઈ ખોટા હાથોમાં વેચાય તે પહેલા જ તેને ઉગારી લેવામાં આવી છે. અપહરણ કરી સુરતમાં વેચવાની ફીરાકમાં ધરપકડ કરાયેલી મહિલાઓની ઓળખ અંજલી મિશ્રા અને લક્ષ્મી સોનવાણે તરીકે થઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ હતુ કે આ મહિલાઓ મહારાષ્ટ્ર થી નવજાત બાળકીનુ અપહરણ કરીને સુરત લાવી હતી. તેઓ સુરતમાં કોઈ ગ્રાહક સાથે બાળકીનો સોદો નકકી કરી તેને મોટી રકમમાં વેચવાની ફીરાકમાં હતી. જો કે આ મહિલાઓ પોતાનો મનસુબો પાર પાડે તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચના સંકજામાં આવી ગઈ હતી. પોલીસે અત્યારે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ મહિલાઓએ અગાઉ કેટલી બાળકીઓના સોદા કર્યા છે. આ સમગ્ર મામલે સુરત ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોજીયાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે અમને ચોકકસ બાતમી મળી હતી કે કેટલીક મહિલાઓ શંકાસ્પદ રીતે નવજાત બાળકી સાથે સુરતમાં ફરી રહી છે અને તેને વેચવા માટે ગ્રાહકની શોધમાં છે. ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી આ બંને મહિલાઓને દબોચી લેવામાં આવી છે. બાળકી અત્યારે સુરક્ષિત છે અને તેને જરૂરી સંભાળ માટે ચાઈલ્ડ પ્રોટેકશન યુનિટને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ કેસમાં પકડાયેલી મહિલાઓ માત્ર મહોરૂ હોઈ શકે છે અને તેની પાછળ કોઈ મોટી આંતરરાજય ગેંગ (ટોળકી ) કાર્યરત હોવાની પોલીસને આશંકા છે. મહારાષ્ટ્રના કયા વિસ્તારમાંથી આ બાળકી લાવવામાં આવી હતી અને તેના અસલી માતા પિતા કોણ છે. તે જાણવા માટે સુરત પોલીસ હવે મહારાષ્ટ્રના પોલીસના સંપર્કમાં છે. આ ઘટનાએ સુરત સહિત સમગ્ર રાજયમાં ચર્ચા જગાવી છે અને બાળ સુરક્ષા અંગેના ગંભીર સવાલો ઉભા કર્યા છે.

# બાળ તસ્કરીના પ્રકરણમાં એટીએસની પુછપરછમાં આવ્યા ચોંકાવનારા ખુલાસાઃ બાળકી હોય તો ડબલ કમિશન અને દેખાવ પ્રમાણે ભાવ વધુ મળતા હતા

પ્રતિનિધિ,ગાંધીનગર

બે દિવસ અગાઉ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીકથી એક બાળ તસ્કરી કૌભાંડ પકડાયુ હતું. જેમાં ૧૫ દિવસના બાળકને રૂપીયા ૩.૬૦ લાખમાં ખરીદી હૈદ્રાબાદના એજન્ટને વેચવામાં આવી રહ્યો હતો. બાળ તસ્કરી આ રેકેટમાં પકડાયેલા ૩ આરોપીઓની પુછપરછ દરમિયાન કેટલાક ચોંકાવનારા ખુલાસાઓ બહાર આવ્યા છે.



પોલીસની પુછપરછમાં આરોપીઓએ કબુલાત કરી હતી કે બાળકોના દેખાવ પ્રમાણે ભાવ નકકી થતો હતો. અને કમિશન પણ તે પ્રમાણે મળતુ હતું. જેમાં બાળકીઓની ડીમાન્ડ વધુ હોવાથી બાળકીઓ વધારે દેખાવડી હોય તો તેનુ વધારેમાં વધારે કમિશન મળતુ હતું. જયારે બાળકોના દેખાવ પ્રમાણે તેને નિઃસંતાન દંપત્તિને વેચવામાં આવતા હતા. જેના બદલામાં એજન્ટો રૂપીયા ૧૦ થી ૧૫ લાખ સુધીની રકમ મેળવતા હતા. આરોપીઓની પુછપરછ દરમિયાન જાણવા મળ્યુ કે બાળક હોય તો એજન્ટો ઓછા રૂપીયા આપતા હતા. અને બાળકી હોય તો એજન્ટો બે ગણુ કમિશન આપતા હતા. અનૈતિક સંબંધમાં જન્મેલા બાળકની ખરીદી પણ કરવામાં આવતી હતી. એટલુ જ નહી બાળકોને અમુક ચોકકસ ગેંગ ને સોંપી ને ભિક્ષાવૃત્તિ કરાવતા હોવાનો પણ ખુલાસો થયો છે.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કોતરપુર વોટરવર્કસ પાસેથી નવજાત આ બાળક સાથે આરોપી વંદના પંચાલ, રોશન અગ્રવાલ અને સુમિત યાદવને ઝડપી લેવામાં આવ્યા છે. આ સાથે જ આંતરરાજય બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ થયો હતો. જો કે અત્યાર સુધીમાં કેટલા બાળકો ને એજન્ટને આપ્યા છે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. આરોપી હૈદ્રાબાદના એજન્ટ સિવાય બીજા રાજયના ૫ એજન્ટોના સંપર્કમાં હોવાનુ બહાર આવ્યુ છે. હાલ ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમે આ રેકેટમાં સંડોવાયેલા લોકોની તપાસ શરૂ કરી છે. આરોપીઓના મોબાઈલમાંથી કેટલાક શંકાસ્પદ લોકોના મોબાઈલ નંબર તથા વોટસએપ પર કરવામાં આવેલી વાતચીત બહાર આવી છે. અમુક બાળકોને ચોકકસ ગેંગને સોંપી ભિક્ષાવૃત્તિ માટે પણ વેચવામાં આવતા હતા. બાળકો એજન્ટોને આપવામાં આવે તો ઓછા પૈસા મળતા હતા. પરંતુ જો બાળકીઓ આપવામાં આવે તો એજન્ટો આરોપીઓને ડબલ કમિશન આપતા હતા. એજન્ટ સિવાય બીજા રાજયમાં પણ બાળકોની તસ્કરી કરતા હોવાનુ પણ બહાર આવ્યુ છે.

# રેલવેના "મારી ટિકિટ, મારી શાન" અભિયાનમાં ભાગ લઈને સ્નેહા ફાઉન્ડેશન દ્વારા જનજાગૃતિમાં મહત્વપૂર્ણ સહયોગ





પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલ યાત્રીઓમાં માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવા તથા ડિજિટલ રેલવે સેવાઓના ઉપયોગ અંગે જાગૃતિ વધારવાના હેતુથી ચલાવવામાં આવી રહેલા "મારી ટિકિટ, મારી શાન- વિકસિત ભારત માટે મારૂ યોગદાન" અભિયાન અંતર્ગત તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ (શનિવાર)ના રોજ ભાવનગર ટર્મિનસ, જુનાગઢ તથા વેરાવળ રેલવે સ્ટેશનો પર ડિજિટલ માધ્યમો દ્વારા જાગૃતિ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. અભિયાન દરમિયાન સ્ટેશનો પર ડિજિટલ સ્ક્રીનો મારફતે આકર્ષક ક્રિએટિવ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા, જેના માધ્યમથી યાત્રીઓને ટિકિટ લઈને મુસાફરી કરવાની મહત્વતા વિશે જાગૃત કરવામાં આવ્યા. આ અવસરે વાણિજ્ય વિભાગના રેલવે કર્મચારીઓ (ટિકટ નિરીક્ષકો)એ યાત્રીઓ સાથે સક્રિય સંવાદ સ્થાપિત કર્યો અને તેમને રેલવન (RailOne) એપ અંગે વિસ્તૃત માહિતી આપી. યાત્રીઓને એપના મુખ્ય લાભો જેમ કે સરળ ટિકિટ બુકિંગ, ટ્રેનોની રિયલ-ટાઈમ માહિતી તથા એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ વિવિધ રેલવે સેવાઓના ઉપયોગ અંગે માહિતગાર કરવામાં આવ્યા.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ પહેલ યાત્રીઓને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવા, ડિજિટલ રેલવે સેવાઓ અપનાવવા તથા વધુ સુરક્ષિત, પારદર્શક અને કાર્યક્ષમ રેલવે પ્રણાલીના નિર્માણમાં સહભાગી બનવા માટે પ્રેરિત કરે છે.

આ જ ક્રમમાં ભાવનગર ટર્મિનસ રેલવે સ્ટેશન પર વાણિજ્ય વિભાગ દ્વારા "મારી ટિકિટ – મારી શાન, વિકસિત ભારત માટે મારૂ યોગદાન" અભિયાન અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સ્નેહા ફાઉન્ડેશનના આર્થિક રીતે અત્યંત નબળા તથા સમાજના હાશિયે ઊભેલા વંચિત બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

કાર્યક્રમ દરમિયાન બાળકોએ જાગૃતિ નારા લગાવી યાત્રીઓને ટિકિટ લઈને જ મુસાફરી કરવાની અપીલ કરી. આ અભિયાન દ્વારા જ્યાં યાત્રીઓમાં રેલવે નિયમો અંગે જાગૃતિ ફેલાઈ, ત્યાં સ્નેહા ફાઉન્ડેશનના બાળકોને પણ રેલવે નિયમો, નાગરિક જવાબદારીઓ તથા ઈમાનદાર મુસાફરીના મહત્વ અંગે મહત્વપૂર્ણ જાણકારી પ્રાપ્ત થઈ.

આ કાર્યક્રમ બાળકો માટે પ્રેરણાદાયક અનુભવ સાબિત થયો, જેના પરિણામે તેમનામાં આત્મવિશ્વાસ સાથે સામાજિક જવાબદારીની ભાવનાનો પણ વિકાસ થયો. બાળકોને આ જનજાગૃતિ અભિયાનનો ભાગ બનવાની તક આપી સમાજ પ્રત્યે તેમની સકારાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

### ગ્રીન સિટી નું બિરૂદ ધરાવતા પાટનગર ગાંધીનગરમાં અભિનવ આયોજન

# દેશની સૌ પ્રથમ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા-જ્ઞાનયજ્ઞ મહોત્સવનો રવિવારથી પ્રારંભ થશેઃ પૂજ્ય શ્રી રમેશ ભાઈ ઓઝા કથા રસપાન કરાવશે

ગ્રીન સિટીનું બિરુદ ધરાવતા પાટનગર ગાંધીનગરમાં દેશની સૌ પ્રથમ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા-જ્ઞાનયજ્ઞ મહોત્સવ તા ૧ ફેબ્રુઆરી રવિવારથી ૭ ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી યોજાઈ રહી છે.

બ્રહ્માંડના પંચ તત્વ અને જીવ સૃષ્ટિની જનેતા એવી પ્રકૃતિમાતાના જતન અને સંવર્ધનના ઉમદા હેતુ સાથે પાટનગર ગાંધીનગરમાં એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં પર્યાવરણ જાગૃતિ માટે સેવારત નેચર ફર્સ્ટ અને સૌ પ્રકૃતિ પ્રેમીઓના સહયોગથી આ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા ઉત્સવ કોઈ પણ જાતના મંડપ કે પંડાલ વિના પ્રકૃતિના સંપૂર્ણ સાનિધ્યમાં વૃક્ષોની વનરાજી વચ્ચે યોજાશે.

આ કથા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ભાવી પેઢીને કુદરતી આફતો સામે સુરક્ષિત કરવાનો અને જનમાનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. કથાના મુખ્ય વક્તા તરીકે સુપ્રસિદ્ધ ભાગવત કથા કાર પૂજ્ય ભાઈ શ્રી રમેશ ઓઝા વ્યાસપીઠ પરથી ભાગવત કથાનું અમૃતપાન કરાવશે.

દેશની સૌ પ્રથમ આ અભિનવ પહેલ રૂપ આ કથામાં ૧ ફેબ્રુઆરીથી ૭ ફેબ્રુઆરી દરમિયાન દરરોજ સાંજે ૩.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધી પ્રકૃતિ ધામ, નરસિંહ મેહતા ગાર્ડન અને ભૂવનેશ્વર મહાદેવ મંદિર વચ્ચેની વૃક્ષ વનરાજી સેકટર ૯ ખાતે કથા શ્રવણ કરી શકાશે.

આ ઉપરાંત નેચર ફર્સ્ટ દ્વારા લોકોમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યેની ચેતના વધુ પ્રબળ બનાવવા પર્યાવરણ સંરક્ષણ માટેની પ્રેરણા આપતા વિવિધ વિષય તજજ્ઞો દ્વારા ગાંધીનગરમાં ૯ જેટલા સ્થળોએ કથાના દિવસો દરમિયાન સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી વ્યાખ્યાનોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનોમાં વેસ્ટ લેન્ડ રિજુવેનેશન, બાયોડાયવર્સીટી એન્ડ નેચરલાઈઝેશન કિપ ધ લેન્ડ પ્રોડક્ટિવ, સ્પેસ, સોલાર એનર્જી એન્ડ ઓવરઓલ લાઈફસ્ટાઈલ ટુ કાર્બન એફિસિયન્સી, ઓશેનોલોજી, બાયોગેસ તથા વોટર કન્ઝર્વેશન, ફોરેસ્ટ્રેશન જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# વિધાનસભા ચુંટણી પહેલા ગુજરાતમાં વારસાગત રાજકારણ સક્રિય: નેતાઓના પુત્રો ચુંટણી જંગના મેદાનમાં ઉતરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભાની ચુંટણી પહેલા મહત્વકાંક્ષી નેતાઓ પોતાની કમરકસી રહ્યા છે. એક વર્ષ અગાઉથી જ સંગઠનાત્મક કાર્ય થી લઈને જનસંપર્ક સુધી દરેક વ્યકિત પોત પોતાના ગોડફાધરોના પગલે ચાલી રહ્યા છે. જેમાં કેટલાક નેતાઓના પુત્રો પણ સામેલ છે જેઓ પોતાના પિતાની પ્રતિષ્ઠાના બળ પર ધારાસભ્ય બનવા માટે ઉત્સુક છે.

ગોંડલ બેઠક માટે રીબડા જુથ ગણેશ જાડેજાને કડક સ્પર્ધા આપી રહી છે. બંને વચ્ચેનો દુશ્મનાવટ કોઈથી છુપાયેલો નથી. રીબડા જુથ પર ગણેશ ગોંડલ સાથે જોડાયેલા જુનાગઢ કેસમાં સંડોવણીનો આરોપ હતો. તેવી જ રીતે રીબડા જુથનો દાવો છે કે અમિત ખુંટ આત્મહત્યા કેસમાં રાજદીપનુ નામ લાવવા માટે ગણેશ છાવણી જવાબદાર છે. રાજદીપ પોતાની ફીલ્મ સ્ટાર છબીને દુર કરવા માટે સખત મહેનત કરી રહ્યો છે. અને ચેરીટી કાર્ય માં સક્રિય રીતે સામેલ છે અને આર આર ગૃપ દ્વારા ગરીબો અને વંચિતોને મદદ કરતા તેમના વિડીયો વારંવાર વાયરલ થઈ રહ્યા છે. અલબત્ત બે કારણોસર તેમનો કાર્યકાળ ફરી એકવાર ટુંકુ કરવામાં આવે તો તે આશ્ચર્યજનક નથી. ગોંડલ બેઠક હંમેશા દરેક ચુંટણીમાં પ્રવૃત્તિનુ કેન્દ્ર રહી છે. આ વખતે પણ કોઈ અલગ નહી હોય, જયરાજસિંહ જાડેજા પરીવારની હાજરી અહીં પ્રબળ રીતે અનુભવાય છે. જયરાજસિંહ પોતે ચુંટણી લડી શકતા તેથી તેમના પત્ની ગીતાબા હાલમાં આ બેઠક માટે ધારાસભ્ય છે. પરંતુ આગામી ચુંટણીઓમાં તેમના પુત્ર જયોતિરાદીત્ય જાડેજા ઉર્ફે ગણેશ ગોંડલ સંપુર્ણપણે તૈયાર દેખાય છે. ધારાસભ્યના પ્રતિનિધી તરીકે તેઓ વિકાસકાર્યોમાં સક્રિય રીતે સામેલ છે અને ગામડાઓની મુલાકાતો અને જનસંપર્કના પ્રયાસો પુરજોશમાં ચાલી રહ્યા છે. અલબત્ત તેમને એક મુશ્કેલ યુધ્ધ નો સામનો કરવો પડી રહ્યો છે. પાટીદાર લોબી ઉપરાંત રીબડા જુથ પણ જયરાજસિંહ ના પ્રભાવને ઓછો કરવા માટે સક્રિય રીતે કામ કરી રહ્યુ છે. તો બીજી તરફ ભાજપના દિગ્ગજ નેતા દિલીપ સંઘાણી હાલમાં કોઈ ચુંટાયેલા પદ ધરાવતા નથી, પરંતુ સહકારી નેતા તરીકે તેમની માંગ ઉંચી છે. તેમના પુત્ર મૌલિક લાંબા સમયથી ભાજપ સંગઠનમાં વિવિધ જવાબદારીઓ સંભાળી રહ્યા છે. છેલ્લી ચુંટણીમાં તેઓ અમરેલી બેઠક માટે આશા રાખતા હતા પરંતુ કૌશિક વેકરીયા અચાનક ઉભરી આવ્યા છે અને હવે મંત્રી બની ગયા છે તેથી મૌલિકને ઓછામાં ઓછી બીજી ટર્મ રાહ જોવી પડી શકે છે.




કોળી સમુદાયના પ્રભાવશાળી નેતા અને મંત્રી પરશોત્તમ સોલંકીને ભાવનગર થી ઉના સુધીના ઓછામાં ઓછા ૭ વિધાનસભા મતવિસ્તારોમાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને તેમને નારાજ કરવા અશકય છે. જેમ કે બગદાણા વિવાદમાં બધાય જોયુ છે. લાંબા સમયથી બિમાર રહેલા પરશોત્તમ સોલંકી ભાગ્યે જ જાહેરમાં દેખાય છે. તેમનો પુત્ર દિવ્યેશ સોલંકી કોળી સેના દ્વારા સમુદાય સેવામાં સક્રિય રહે છે. એ પણ શકય છે કે પરશોત્તમ સોલંકી હવે તેમના પુત્ર માટે ટીકીટ માંગે, ઓછામાં ઓછુ દિવ્યેશની સક્રિયતા આ સુચવે છે લોક કલાકાર માયાભાઈ આહીરના પુત્ર તરીકે રાજકારણમાં પ્રવેશ કરનારા જયરાજ આહીર ઉર્ફે જયરાજ આતાએ તળાજા યુવા ભાજપમાં સ્થાન મેળવ્યુ હતું. પરંતુ પછીથી એવા સંકેત મળ્યા કે તેમની નજર જિલ્લા પંચાયત અને તળાજા વિધાનસભા બેઠક પર હતી. પોતાની પુષ્કળ સંપત્તિ અને પિતાના વ્યાપક સંપર્કોને કારણે જયરાજ આહીરે પણ આ વિસ્તારમાં સામાજિક સેવા પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનુ શરૂ કર્યુ હતું. પરંતુ હવે બગદાણા વિવાદમાં તેમની કથિત સંડોવણી પછી એવુ માનવામાં આવે છે કે આગળનો રસ્તો તેમના માટે મુશ્કેલ બનશે.

# વલસાડ નગરપાલિકામાં ભાજપના સદસ્યોને સરકાર સામે લડવુ પડી રહ્યુ છે: ઉપપ્રમુખનો આક્ષેપ અધિકારીઓ ફોન ઉપાડતા નથી




પ્રતિનિધિ,ગાંધીનગર

વલસાડ નગરપાલિકાની સામાન્ય સભામાં ભારે હોબાળો અને રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. સત્તાધારી ભાજપ શાસિત વલસાડ નગરપાલિકામાં ભાજપના જ સદસ્યોએ વિરોધ કર્યો હતો. જેનાથી સભા તોફાની બની ગઈ અને ચર્ચા વગર જ સભા પૂર્ણ જાહેર કરવામાં આવી. આ ઘટનાએ પાલિકામાં આંતરીક અસંતોષ અને વિકાસ કામોમાં વિલંબના મુદ્દાને ઉજાગર કર્યો છે.

સામાન્ય સભામાં વિવિધ વિકાસ કામો અને નાગરીક સુવિધાઓ અંગે ચર્ચાઓ થવાની હતી. પરંતુ કામોમાં વિલંબ અને અધિકારીઓની બેદરકારીને લઈને ભાજપના જ સદસ્યોએ બુમરોળ મચાવી હતી. એક ભાજપ સદસ્યએ અધિકારીઓ અને પ્રમુખ પર આક્ષેપ કર્યો હતો કે તેઓ ફોન ઉપાડતા નથી અને ગ્રામિણ વિસ્તારોના મુદ્દાઓને અવગણવામાં આવી રહ્યા છે. ઉપપ્રમુખે પણ આક્ષેપ કર્યો હતો કે અધિકારીઓ અને પ્રમુખ ફોન નથી ઉપાડતા જેનાથી સ્થાનિક સમસ્યાઓનુ નિરાકરણ થતુ નથી. આ વિરોધને કારણે સભામાં હોબાળો મચી ગયો અને ચર્ચા આગળ વધી શકી નહી. ભાજપ શાસિત પાલિકામાં પોતાના જ સદસ્યો દ્વારા વિરોધ થવો એ આંતરીક અસંતોષનો સંકેત છે. સદસ્યોએ કે વિકાસ કામોમાં વિલંબ થઈ રહયો છે અને નાગરીકોની સમસ્યાઓ અવગણાઈ રહી છે. આ વિરોધ પોતાની જ સત્તા સામે સવાલો ઉઠાવે છે અને પાલિકાની કામગીરી પર પ્રશ્નાર્થ ઉભા કરે છે. સદસ્યો એ માંગ કરી હતી કે તાત્કાલીક કામો શરૂ કરવામાં આવે અને અધિકારીઓ જવાબદાર બને.

આ ઘટનાએ વલસાડ નગરપાલિકામાં રાજકીય ગરમાવો વધાર્યો છે. ભાજપના આંતરીક વિરોધથી પાર્ટીની એકતા પર સવાલો ઉભા થયા છે અને વિપક્ષ પણ આ મુદ્દાને ઉઠાવી શકે છે. સ્થાનિક નાગરીકોમાં પણ અસંતોષ વધી રહ્યો છે કે તેમની સમસ્યાઓનુ નિરાકરણ થતુ નથી. આ સભામાં ચર્ચા વગર જ પૂર્ણ થવાથી વિકાસ કામોની ચર્ચા અટકી જવા પામી હતી. આ ઘટના દર્શાવે છે કે સત્તાધારી ભાજપ શાસિત સ્થાનિક સંસ્થાઓમાં પણ આંતરીક અસંતોષ વધી રહ્યો છે અને વિકાસ કામોમાં વિલંબ એ મોટો મુદ્દો બની રહ્યો છે. પાલિકા પ્રમુખ અને અધિકારીઓએ આ મુદ્દાઓને ગંભીરતાથી લઈને તાત્કાલીક નિરાકરણ લાવવુ જોઈએ જેથી નાગરીકોનો વિશ્વાસ જળવાઈ રહે.

# ગુજરાતમાં અચાનક આવ્યો વાતાવરણમાં પલ્ટો : અરવલ્લી જિલ્લાના મેઘરજ માલપુર અને ડાંગ પંથકમાં માવઠુ: ખેડુતો બન્યા ચિંતાતુર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં કડકડતી ઠંડી વચ્ચે અચાનક વાતાવરણમાં પલ્ટો આવી જઈ ભર શિયાળે કમોસમી વરસાદ પડયો છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ, માલપુર તેમજ ડાંગ જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડયો હતો. ભર શિયાળે વરસેલા આ વરસાદને કારણે ખેતીમાં નુકશાનની ભીતી સેવાઈ રહી છે. ઘઉં અને બટાકાના પાકમાં રોગ આવવાની શકયતાઓ



રહી છે. અરવલ્લી જિલ્લાના માલપુર અને મેઘરજ વિસ્તારમાં વહેલી સવાર થી જ આકાશ વાદળછાયુ રહ્યુ હતું અને ત્યારબાદ અચાનક વરસાદી ઝાપટા શરૂ થયા હતા. આ ઉપરાંત સુરત અને વલસાડના વાતાવરણમાં પણ પલ્ટો જોવા મળ્યો હતો. તો બીજી તરફ કચ્છ જિલ્લાના લખપત અને નારાયણ સરોવર જેવા સરહદી વિસ્તારોમાં પણ અચાનક કમોસમી વરસાદ સાથે ઝાપટુ પડયુ હોવાની માહિતી મળી છે. તો બીજી તરફ ડાંગ જિલ્લામાં પણ અચાનક વાતાવરણ પલટાતા અનેક સ્થળોએ કમોસમી વરસાદ પડયો હતો. સાપુતારા તળેટી વિસ્તારના ગામોમાં કમોસમી વરસાદ પડયો હતો. જિલ્લાના મુખ્યમથક આહવામાં પણ અડધો કલાક સુધી ધોધમાર વરસાદ પડયો હતો.

તો બીજી તરફ છોટા ઉદેપુર જિલ્લામાં પણ ધોધમાર વરસાદ પડયો હતો. બોડેલી નગરમાં કમોસમી વરસાદ પડયો હતો. કમોસમી વરસાદને કારણે ખેડુતોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. માવઠાને કારણે રવી પાક જેવા કે ઘઉ અને બટાકાના પાકમાં રોગચાળો આવવાની ભીતી સેવાઈ રહી છે.

# આણંદ નજીક કણકી ની આડમાં ચાલતુ દારૂનુ સ્મગલીંગ ઝડપાયુ: હાઈવે પર ટ્રકમાંથી રૂ.૧.૫૧ કરોડનો વિદેશી દારૂ ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દારૂ માફીયાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. વાસદ બગોદરા હાઈવે પર બાતમીના આધારે કરવામાં આવેલી એક કાર્યવાહીમાં પોલીસે ચોખાની કણકીની આડમાં લઈ જવાતો રૂપીયા ૧.૫૧ કરોડનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો છે. આણંદ પોલીસની આ કામગીરીને અત્યાર સુધીની સૌથી મોટી સફળતા માનવામાં આવી રહી છે. ટ્રકમાં અનાજ ના કોથળા નીચે છુપાવેલી દારૂની હજારો બોટલો જોઈને ખુદ પોલીસ અધિકારીઓ ચોકી ઉઠયા હતા. સમગ્ર મામલે પોલીસે ટ્રક સહિત રૂપીય ૧.૬૬ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. સહયોગ હોટલના પાર્કિંગમાં એલસીબીએ મોડી રાત્રે રેડ પાડી હતી. આણંદ જિલ્લા પોલીસવડા જી જી જસાણી દ્વારા દારૂની હેરફેર રોકવા માટે અપાયેલી કડક સુચના બાદ એલસીબીની ટીમ હાઈવે પર પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન એએસઆઈ મહિપાલસિંહ ને મળેલી ચોકકસ બાતમીના આધારે ભારેલ ગામની સીમમાં આવેલી સહયોગ હોટલના પાર્કિંગમાં ઉભેલી એક અશોક લેલન્ડ ટ્રક પર દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસની ગાડી આવતી જોઈને ટ્રકનો ચાલક અંધારાનો લાભ લઈને નાસી છુટવામાં સફળ રહયો હતો. ૯૬૮ પેટીઓ અને ૨૫ હજાર થી વધુ બોટલોનો જથ્થો પોલીસે ઝડપી લીધો હતો. જયારે ટ્રકની તાડપત્રી ખોલીને તપાસ કરી ત્યારે ઉપરના ભાગે ચોખાની કણકીના ૫૦૦ જેટલા કોથળાઓ વ્યવસ્થિત રીતે ગોઠવેલા હતા. જો કે કોથળા હટાવતા જ નીચેથી વિદેશી દારૂની પેટીઓનો ખજાનો નિકળ્યો હતો.



પોલીસે ટ્રકમાંથી કુલ ૯૬૮ પેટીઓ એટલે કે ૨૫,૯૯૪ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી હતી. જેની બજાર કિંમત રૂપીયા ૧,૫૧,૦૦,૮૦૦ આંકવામાં આવી છે. કરોડોનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસની તપાસ પુરજોશમાં ચાલી રહી છે. પોલીસે માત્ર દારૂ જ નહી પરંતુ રૂપીયા ૧૫ લાખની કિંમતની ટ્રક અને રૂપીયા ૫૦ હજારની કિંમતની ચોખાની કણકી સહિત કુલ ૧,૬૬,૫૦,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પેટલાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. એલસીબી પીઆઈ એચ આર બ્રહ્મભટ અને તેમની ટીમ આ તપાસ ચલાવી રહી છે. આટલો મોટો જથ્થો કયાંથી આવ્યો હતો અને ગુજરાતના કયા શહેરમાં પહોચાડવાનો હતો તે દિશામાં ચાલી રહી છે.

# ઓનલાઈન કામગીરીનો બોજ વધે છે પરંતુ સુવિધાઓના નામે મીડું: આંગણવાડી કર્મચારીઓનો સરકાર સામે ઉગ્ર વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં ઓનલાઈન કામગીરી સતત વધારવામાં આવી રહી છે. પરંતુ તે પ્રમાણેની મુળભુત સુવિધાઓ પુરી પાડવામાં આવતી ન હોવાના મુદ્દે આંગણવાડી કર્મચારીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે. સ્માર્ટ ફોન આપવાની માંગ છેલ્લા ૩ વરસથી કરવામાં આવી રહી હોવા છતાં હજુ સુધી કોઈ સ્પષ્ટ નિર્ણય ન લેવાતા આંગણવાડી કર્મચારીઓ ફરી એકવાર સરકાર સામે ખુલ્લા વિરોધ પર ઉતર્યા છે. ગાંધીનગરમાં યોજાયેલા ધરણા પ્રદર્શન દરમિયાન કર્મચારીઓએ સરકારી તંત્ર ની અતાર્કિક નીતિઓ સામે આકરા સવાલો ઉઠાવ્યા હતા.



આંગણવાડી કર્મચારીઓનુ કહેવુ છે કે છેલ્લા કેટલાક વરસોમાં તેમની ઉપર ઓનલાઈન ડેટાએન્ટ્રી, એપ્લીકેશન આધારીત રીપોર્ટીંગ અને ફોટોગ્રાફી સહિતની કામગીરીનો ભારે બોજ વધારવામાં આવ્યો છે. એક પછી એક નવી એપ્લીકેશનો લોન્ચ કરવામાં આવે છે પરંતુ ઘણી એપ્લીકેશનો યોગ્ય રીતે ડાઉનલોડ થતી નથી કે પછી ચાલતી નથી. ટેકનીકલ ખામીઓના કારણે કામગીરી સમયસર ન થાય તો તેની જવાબદારી કર્મચારીઓ પર નાખવામાં આવે છે, જે સંપૂર્ણપણે અન્યાયી હોવાનુ તેઓ માને છે. અખીલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘ દ્વારા રાજય સરકારને આપેલા આવેદનપત્રમાં જણાવાયુ છે કે રાજયના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ મોબાઈલ નેટવર્કની ગંભીર સમસ્યા છે. નેટવર્ક ન હોવાને કારણે એપ્લીકેશનમાં ડેટા અપલોડ ન થાય ત્યારે પણ કર્મચારીઓને નોટીસો ફટકારવામાં આવે છે. આ પરીસ્થિતિમાં કામગીરીમાં ચુક થાય તો ખુલાસો માંગ્યા વગર સીધો પગાર કાપી લેવાની ચેતવણી આપતી નોટીસો આપવામાં આવતી હોવાનો આરોપ પણ કરવામાં આવ્યો છે. કર્મચારીઓએ વધુમાં જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા ઓનલાઈન કામગીરી ફરજીયાત કરવામાં આવી છે પરંતુ તે માટે જરૂરી સક્ષમ સ્માર્ટ ફોન પુરા પાડવામાં આવતા નથી. મોટા ભાગની આંગણવાડી કાર્યકરો આર્થિક રીતે નબળા છે અને મોંઘા સ્માર્ટફોન ખરીદવાની તેમની ક્ષમતા નથી. તેમ છતાં તેમને પોતાની જાતે ફોન ખરીદીને સરકારી કામ કરવા મજબુર કરવામાં આવી રહ્યા છે જે શોષણ સમાન છે.

તાજેતરમાં લોન્ચ કરાયેલી એવીટી નામની એપ્લીકેશન બાબતે પણ ભારે વિરોધ નોંધાયો છે. આ એપ્લીકેશનમાં અનેક ખામીઓ હોવાના કારણે યોગ્ય રીતે કામગીરી થતી નથી, છતાં એપ્લીકેશનના ફોટામાં જેટલા બાળકો દેખાય તેટલુ જ રાશન મંજુર કરવામાં આવતુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે જેના કારણે અનેક બાળકોને પુરતુ પોષણ ન મળતા ભુખ્યા રહેવાની સ્થિતિ સર્જાઈ રહી છે. જે ગંભીર બાબત હોવાનુ કર્મચારીઓએ જણાવ્યુ હતું. આંગણવાડી કર્મચારીઓએ સરકાર સમક્ષ સ્પષ્ટ માંગ કરી છે કે જયાં સુધી તમામ કર્મચારીઓને સક્ષમ સ્માર્ટ ફોન આપવામાં ન આવે ત્યાં સુધી ઓનલાઈન કામગીરી બંધ રાખવામાં આવે, સાથે જ વિવિધ એપ્લીકેશનો ચલાવવા માટે યોગ્ય તાલીમ આપવાની પણ માંગ કરવામાં આવી છે. કર્મચારીઓએ નોટીસો ફટકારીને ભય અને હતાશાનો માહોલ ન સર્જવા તથા હાઈકોર્ટના ચુકાદા મુજબ પગારધોરણ તાત્કાલીક અમલમાં મુકવાની માંગ કરી છે. સરકારી તંત્ર જો સમયસર યોગ્ય નિર્ણય નહી લે તો આંગણવાડી કર્મચારીઓ દ્વારા આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

### ૧૦૨૩ ને ૫ ફેબ્રુ.થી ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવાશે

# ગુજરાત અનઆર્મ્ડ પીએસઆઈ ભરતી ૨૦૨૪-૨૫ના ૮૬૭૯ ઉમેદવારો કવોલીફાઈડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર (પીએસઆઈ) ની ભરતી પ્રક્રિયામાં મહત્વનો પડાવ પૂર્ણ થયો છે. ભરતી બોર્ડની જાહેરાત ક્રમાંક જીપીઆરબી / ૨૦૨૩-૨૪ / ૧ અંતર્ગત બિન હથિયારી પીએસઆઈની કુલ ૪૭૨ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ભરતી પ્રક્રિયા હેઠળ શારીરિક કસોટીમાં કવોલીફાઈડ થયેલા કુલ ૧,૦૨,૯૩૫ ઉમેદવારોની લેખિત પરીક્ષા (પેપર-૧ અને પેપર-૨) તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૫ ના રોજ લેવામાં આવી હતી. પરીક્ષા નિયમો મુજબ પેપર ૧ ના પાર્ટ-એ અને પાર્ટ બી માં અલગ અલગ ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવનાર ઉમેદવારોના પેપર-૨ (વર્ણનાત્મક) ની તપાસ કરવામાં આવી હતી. આ મુજબ કુલ



૪૯,૫૯૧ ઉમેદવારોના પેપર-૨ નુ મુલ્યાંકન કરાયુ હતું. જેમાંથી પેપર-૨ માં ૪૦ કે તેથી વધુ ગુણ મેળવનાર કુલ ૮૬૭૯ ઉમેદવારોને કવોલીફાઈડ જાહેર કરવામાં આવ્યા છે. ભરતીના નિયમો અનુસાર ખાલી જગ્યાઓના અંદાજે ૨ ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવે છે. મેરીટના આધારે કવોલીફાઈડ ઉમેદવારો માંથી કુલ ૧,૦૨૩ ઉમેદવારો ને દસ્તાવેજ ચકાસણી માટે પસંદ કરવામાં આવ્યા છે. આ યાદી ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ ની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી હતી.

દસ્તાવેજ ચકાસણીની કામગીરીની તારીખ ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ગાંધીનગર ખાતે યોજાશે. અનામત શ્રેણીના ઉમેદવારોએ ભરતી બોર્ડની વેબસાઈટ પર દર્શાવેલી સુચનાઓ મુજબ જરૂરી દસ્તાવેજો રજુ કરવાના રહેશે. દસ્તાવેજ ચકાસણી માટેના કોલલેટર આઈએએસ વેબસાઈટ પર થી ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ બપોરે ૨ વાગ્યા સુધીમાં ડાઉનલોડ કરી શકાશે.

# મુસ્લીમ સમુદાયના પવિત્ર રમઝાન માસને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સીંગતેલ અને કપાસીયા તેલના ભાવમાં વધારો થતા બજેટ ખોરવાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

મુસ્લીમ સમુદાયનો પવિત્ર રમઝાન માસ ને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, રમઝાન માસમાં મુસ્લીમ સમુદાયના લોકો રોઝા(ઉપવાસ) છોડયા પછી તળેલી વસ્તુઓ આરોગતા હોય છે અને તેમાં મોટા ભાગે તેલનો વપરાશ થતો હોય છે અને તે પણ વધુ પ્રમાણમાં વપરાશ થતો હોય છે. ત્યારે હવે સીંગતેલ અને કપાસીયા તેલના ભાવોમાં વધારો થતા મુસ્લીમ સમાજની ગૃહિણીઓના બજેટમાં મુશ્કેલી અનુભવાય તો નવાઈ નહી.

રાજકોટમાં સીંગતેલ સહિતના ખાદ્ય તેલના ભાવમાં વધારો થયો છે. ૭ દિવસમાં બીજી વખત સીંગતેલના ડબ્બે ૩૦ રૂપીયાનો વધારો થતા ડબ્બો ૨૯૦૦ ને પાર કરી ગયો છે. ૩૦ દિવસમાં સીંગતેલના ડબ્બે ૧૮૦ રૂપીયા થી વધુના ભાવ વધ્યા છે. સીંગતેલ સાથે કપાસીયા તેલના ભાવમાં પણ વધારો થયો છે. કપાસીયા ૧૫ રૂપીયા ભાવ વધી ૨૩૮૫ પહોચ્યો છે. મગફળીના વિક્રમી પાક છતાં ભાવ સતત વધારો થઈ રહ્યો છે. ખાદ્ય તેલના ભાવોને કાબુમાં લેવા પુરવઠા વિભાગ નિષ્ફળ નિવડયુ છે. ૭ દિવસ પહેલા રાજકોટ સહિતના મુખ્ય માર્કેટમાં એક જ દિવસમાં સીંગતેલના ડબ્બાના ભાવમાં ૪૦ રૂપીયાનો વધારો થયો છે. હાલ પ્રતિ ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૨૭૮૫ રૂપીયા સુધી પહોચી ગયો છે. જે એક મહિના પહેલા ૨૫૯૦ હતો. ગત એક મહિનાની વાત કરીએ તો સીંગતેલના ભાવમાં કુલ ૨૦૦ રૂપીયાનો વધારો નોંધાયો છે. માત્ર પખવાડીયામાં જ ૧૭૦ જેટલો વધારો થવાથી ગૃહિણીઓ પર આર્થિક ભાર વધ્યો છે. ખાસ વાત એ છે કે માંગમાં કોઈ વિશેષ વધારો ન હોવા છતાં ભાવમાં તેજી યથાવત છે.

તેલ ની એસોસીએશનના જણાવ્યા અનુસાર માવઠાના કારણે મોટા ભાગની મગફળી પલળી જતા સારી ગુણવત્તાવાળી મગફળીનો જથ્થો ઘટયો છે. પીલાણ યોગ્ય મગફળી ઓછી મળતા મગફળીના ભાવ વધ્યા અને તેની સીધી અસર સીંગતેલના ભાવ પર પડી રહી છે. રાજકોટયાર્ડ માં મગફળીના ભાવ પહેલી વખત ૧૫૦૦ ને પાર કરી ગયો છે. હાલમાં મગફળીના ભાવ ૧૨૩૦ થી લઈને ૧૫૩૦ રૂપીયા સુધી પહોચી ગયા છે. એક મહિના અગાઉ સારી મગફળી ૧૨૫૦ માં મળતી હતી જે હવે ૧૪૫૦ સુધી પહોચી ગઈ છે. સરકાર દ્વારા ટેકાના ભાવે ૧૭ લાખ ટર્ન થી વધુ મગફળીની ખરીદી પણ કરવામાં આવી છે. સીંગતેલ સાથે સાથે કપાસીયા અને પામોલીન તેલમાં પણ વધારો નોંધાયો છે. છેલ્લા એક મહિનામાં કપાસીયામાં ૧૧૫ અને પામોલીન તેલમાં ૧૦૫ રૂપીયાનો વધારો થયો છે જો કે કોપરેલ તેલમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે જેમાં લગભગ ૫૦૦ રૂપીયાનો ઘટાડો



નોંધાયો છે. સીંગતેલ અને કપાસીયા તેલ વચ્ચેનો ભાવ ફરક હવે વધીને ૪૬૦ જેટલો થઈ ગયો છે. જેના કારણે ફરસાણ વેપારીઓ અને સામાન્ય લોકો સસ્તા વિકલ્પ તરીકે કપાસીયા તેલ તરફ વળી રહ્યા છે. જો કે નિશ્ચિત આવક ધરાવતા પરીવારો માટે તેલના ભાવમાં થયો આ વધારો મુશ્કેલી ઉભી કરી રહ્યો છે. ગયા વર્ષની તુલનામાં આ વરસે મગફળીનુ ઉત્પાદન ઘણુ સારૂ થયુ છે. પણ કમોસમી વરસાદને કારણે ખેડુતોને જે નુકશાન વેઠવુ પડયુ અને તેના લીધે ઘણો પાક બળી ગયો હતો . હાલ જે ભાવ વધારો થયો છે તે ખેડુતો માટે રીકવરી છે. રાજકોટમાં સીંગતેલ સહિતના ખાદ્ય તેલના ભાવમાં વધારો થયો છે. ૭ દિવસમાં બીજી વખત સીંગતેલના ડબ્બો ૩૦ રૂપીયાનો વધારો થતા ડબ્બો ૨૯૦૦ ને પાર થયો છે. ૩૦ દિવસમાં સીંગતેલના ડબ્બે ૧૮૦ રૂપીયાથી વધુનો ભાવ વધ્યો છે. સીંગતેલ સાથે કપાસીયા તેલના ભાવમાં પણ વધારો થયો છે. કપાસીયા ૧૫ રૂપીયા ભાવ વધી ૨૩૮૫ પહોચ્યો છે. મગફળીની વિક્રમી પાક છતાં ભાવ સતત વધારો થઈ રહ્યો છે. ખાદ્ય તેલના ભાવોને કાબુમાં લેવામાં પુરવઠા વિભાગ નિષ્ફળ નિવડયુ છે.